

ગીતો અને ગઝલો ★

સબરસ

(ગીતો અને ગઝલોનો સંગ્રહ)

: કર્તા :

'અમીન આઝાદ'

આવૃત્તિ પહેલી
૧૯૪૬

પ્રત
૧૦૦૦

મૂલ્ય રૂા. સવા

પ્રાપ્તિસ્થાન :
અમીન આઝાદ
ઝરી રોડ—સુરત

બે બોલ

લેખક : મુરબ્બી, પ્રાધ્યાપક
મોહનલાલ પાર્વતિશંકર દવે
(એમ. એ. એલ એલ. બી.)

દીવાળીના દિવસો આવ્યા અને ગયા. એ દીવાળીના દીપકો ધનવાનોના આવાસોને ભલે દીપાવે! ગીતો અને ગઝલોના આ સંગ્રહ 'સબરસ'ને પ્રકટ કરતા ભાઈ 'અમીન આઝાદ'ને એ દીવાળી આનંદ આપી શકતી નથી. ગુલામીની ગમગીનીમાં [illegible] એમના [illegible] તો [illegible] લાગી [illegible] છે, એ કહે છે:

'ફૂલ આઝાદી [illegible] આવશે તો
[illegible] સમજશું આવી ગઈ દિવાળી.'

[illegible] ત્યાં સુધી હિંદુઓ [illegible] મુસલમાનો ભલે ઈંટથી ઉરખાય, ભાઈ [illegible]

'ગુલામી [illegible] ભૂલ : તકરાર બાકી છે.'

એ [illegible] આ દેશની જનતાને એમનું ઉદ્બોધન છે કે

'સૌ હિંદુ મુસ્લિમના દિલના એ મનભેદો દફનાવી દો
ભૂલી ગયા માનવ માનવતા એ માનવતા સમજાવી દો
ના ભાવ મળે જે ભાવીમાં એ ભાવીને ગુંગળાવી દો
ઉત્સર્ગ અને ભૂમિ ભારતની કઈ એવું ભાવી બનાવી દો
આઝાદ ફરીથી ભારતને ભરતના વીર બનાવી દો.'

અત્યારે-હાલમાં તો આપણા હાલ કેવાં છે!

'અમારા હાલ [illegible] હાલ છે બેહાલ જેવા છે
અમારી આજમાં પણ ઢંગ તો ગઈ કાલ જેવા છે.
જીવિત મુડદાઓ જેવા હિંદના ઇન્સાન છે જાણે
ને હિંદુસ્તાન મોટું એક કબ્રસ્તાન છે જાણે.'

આ આપણી જે દુર્દશા છે—

'બસો વર્ષનો રોગ છે એ પુરાણો'

દર્દની દવા દાખવતી રચના આ સંગ્રહને મોખરે વિરાજે છે:—

'ભારત મારો દેશ, વિદેશી; ભારત મારો દેશ
તારો, તારો દેશ, વિદેશી; ભારત મારો દેશ'

ભારત તો મારો દેશ છે, તારો તો તારો જે દેશ (બ્રિટન) તે જ તારો, દેશની કંગાલિયત તારે લીધે છે, કેળવણીની ખામીઓ તારે લીધે છે, અને

'તારાથી છે ક્લેશ, વિદેશી; ભારત મારો દેશ'

વખત ઝંપથી બદલાતો જાય છે. 'વિદેશી'એ ગાંસડાં પોટલાં બાંધવા માંડ્યાં છે. પોતાની વિદાયનો નિશ્ચિત સમય પણ એણે જાહેર કરી દીધો છે. આઝાદી જાણે આપણે ઉંબરે આવી પહોંચી છે. ભાઈ 'અમીન આઝાદ'ને હરખવાનો સમય ચોક્કસ નજીક આવતો જાય છે છતાં અમદાવાદ, મુંબઈ, બિહાર, પંજાબ, એમ સ્થળે સ્થળે થતાં રમખાણો વિષે આપણે શું કહેવું? ભાઈ અમીનનું હૃદય એ હુલ્લડોથી કકળી ઊઠે છે, એ વિલાપ કરે છે, અને બગતા ઉગરથા હુલ્લડખોરોને એ નીચલી કવિતા અર્પણ કરે છે:

'જો દેશને માથે પાપ સમા, હે ઘાતકી પાપી! ખૂબ હસો!
હા! ધર્મને નામે અધર્મી આ! એકમેકને કાપી ખૂબ હસો!

... ...

'હિંદુત્વ'ને હાનિ પહોંચાડી, 'ઇસ્લામ'ની શાનને શરમાવી,
હે 'રામ' 'રહીમ'ને ભજનારાં! એ બંનેને કાપી ખૂબ હસો!'

ભાઈ 'અમીન આઝાદ' સાચા મુસલમાન છે. 'મહાગુજરાત ગઝલ મંડળ'ના અગ્રણી કાર્યવાહક તરીકે ઉત્સાહ અને ખંતથી એ ઉપયોગી સેવા બજાવી રહ્યા છે. એમના બુલંદ

અવાજથી સ્વરચિત ગઝલો ગાઈને અનેક નર–નારીઓને એમણે પ્રફુલ્લ કર્યાં છે અનેક મંડળો પોતાના મેળાવડામાં એમને નિમંત્રીને મેળાવડાને સફળતા આપી શક્યાં છે, સુરતના નારી-વૃન્દે પણ એમની સુજનતાનો લાભ પૂરતા પ્રમાણમાં મેળવ્યો છે, અને મુશાયરાઓ તો સુરતના જ નહીં, પણ ગુજરાતભરના એમનાં કલામોથી ગાજી ઊઠ્યા છે. ગઝલ મંડળના માસિક સંમેલનોમાં ઊગતા કવિઓને પ્રોત્સાહન તથા સૂચન આપીને ઉસ્તાદ તરીકેનું ગૌરવ એમણે પ્રાપ્ત કર્યું છે. ગઝલ સાહિત્યનો એમણે પ્રચાર કર્યો છે. ઇતર પ્રકારનાં ગીતો પણ એમણે રચ્યાં છે. એ ગીતો અને ગઝલોનો સંગ્રહ આજે 'સમરસ' તરીકે પ્રકટ થાય છે, તે પ્રસંગે ભાઈ અમીનને મારાં અભિનંદન.

'સપરમે દહાડે સમરસ' એ શબ્દ બેસતા વર્ષને દિવસે આપણને સર્વને કાને પડ્યા હોય છે જૂજ કિંમત આપી એ સમરસ વેચાતું લઈ આપણે કૃતાર્થ થઈએ છીએ, એ સમરસ મંગલ ભાવોનું પ્રેરક બને છે. આનંદની આગાહી આપે છે, નીમક વેરો જતાં એ સમરસ આપણને સોંઘું મળશે. આ 'સમરસ' ભાઈ 'અમીન આઝાદ' તરફથી પણ જૂજ કિંમતમાં મળે છે. એ પણ મંગલમય, પ્રેરક, ઉદ્દબોધક, આહ્લાદક નીવડો એજ પ્રાર્થના.

ખપાટિયા ચકલો,
સુરત, તા. ૨૨–૩–૪૭. } મોહનલાલ પાર્વતીશંકર દવે

અ ર્પ ણ

નિજકોમસેવાનું વ્રત લઈ સાહિત્ય દ્વારા એના નૂતન ઘડતરના મનોરથ સેવનાર અને તે માટે કલમ તલવારથી ઝઝૂમનાર મારા કાવ્યોના પ્રશંસક અને ઉત્તેજક, મુખ્લિસ, સહૃદયી યુવાન સાહિત્યકાર મિત્ર, જેમની સાથેનો મારો પહેલો પરિચય એમના સંપાદન હેઠળ પ્રગટ થતા વાર્ષિક 'ક્રેસંટ' દ્વારા ૧૯૪૦માં થયો.

એમના સંપાદનની પ્રતિભાએ મને આકર્ષ્યો, એમના લેખો, લેખો પરની નોંધો અને પત્રકારિત્વની એમની નોખી તરકીબે મારા હૃદયમાં એમને માટે માન ઉત્પન્ન કર્યું.

તે પછી એમણે સ્થાપેલી, 'બોહરા શ્રી લાયબ્રેરી' અને એ પાછળની તેમની ધગશ અને અપૂર્વ સેવાથી હું વધુ પ્રભાવિત થયો. 'તમીઝ'ના સંપાદનથી અને તેમાંની [illegible] ઉપયોગી [illegible] ચર્ચાઓથી, સાહિત્યના લગભગ બધા અંગોમાં નામ અને ઉપનામથી ઘૂમવાની સતત કાર્યશીલતા, નિસ્વાર્થ મહેનત, અને અવિરત સાધનાથી, હું એમના પર મુગ્ધ થયો છું. તે. ભાઈ યુસુફ એ. કે. [illegible]ભાઈ 'બેખુદ' બી. એ.ને મિત્રભાવે આ સંગ્રહ અર્પણ કરું છું.

ભાગળ રોડ, સુરત.
તા. ૪-૪-૪૦

—અમીન આઝાદ



★ ગીતો અને ગઝલો ★

અનુક્રમણિકા

અમીનભાઈ બદરૂદ્દીન વતી ઈશ્વરલાલ એમ. વીમાવાળાએ દેશબંધુ પ્રેસ, કેળાંપીઠ સુરતમાં છાપ્યું અને ત્યાંથી પ્રગટ કર્યું.

કહેવા જેટલું........

ગુજરાતના પુરાણા અને પીઢ ગઝલકારોએ હજી સુધી પોતાનો કોઇ ગઝલ-સંગ્રહ (દીવાન) આ ઢબનો, આટલા વર્ષોના ગઝલ સાહિત્યના ખેડાણ પછી પણ ગુજરાતને આપ્યો હોય એવું મારી જાણમાં નથી; અને એટલેજ મારા આ પ્રથમ સાહસ માટે મને 'દાદ' મળે, કે 'ફર્યાદ' મળે બન્ને બરાબર છે.

પ્રશંસકો કરતાં, વિવેચકો અને ટીકાકારોને આ સંગ્રહમાંથી કદાચ પુષ્કળ ખોરાક મળી રહે; કેમકે મારા પોતાના દોષો હું જાણું છું પણ તેથી સમગ્ર ગઝલ સાહિત્યને દોષ દેવાની જરૂર નથી. સંગ્રહમાં કેટલીક કૃતિઓ ખૂબ પુરાણી શરૂશરૂમાં હું ગઝલકાર થયો હતો ત્યારની છે જે વચ્ચે વચ્ચે ગોઠવી દીધી છે. કયી કૃતિ ક્યારે લખાઇ હતી તેની ચોક્કસ તારીખો યાદ નથી.

ગઝલશાસ્ત્રની દૃષ્ટિએ ખોટા કાફિયહ ગણાતાં હોવા છતાં કેટલીક જગ્યાએ અનુસ્વારના દોષો મેં ચલાવી લીધા છે. એ કબૂલ કરી લઉં. વળી 'મુદ્રણ દોષો' પણ ઠીકઠીક પ્રમાણમાં રહી ગયા છે. દા. ત. પહેલા જ ગીતના મથાળામાં 'વિદેશી' શબ્દથી 'ને' એટલો દૂર રહ્યો છે કે.........અને એવી રીતે અંદર કેટલીક જગ્યાએ બીજી એવી ભૂલો રહી ગઇ છે. 'શુદ્ધિ-પત્રક' મુકવાની જરૂર જોતો નથી. સુજ્ઞ વાચકો એ સુધારીને જ વાંચશે.

છેવટે, આ પુસ્તક અંગે જે જે મુરબ્બીઓ અને મિત્રોનો સહકાર મેં મેળવ્યો છે, તેઓનો આભાર માની વિરમું છું.

બદરી રોડ, સુરત.
તા. ૪-૪-૪૭

—અમીન આઝાદ

વિદેશી ને ઉદ્દેશી.......

ભારત મારો દેશ, વિદેશી
ભારત મારો દેશ
તારો, તારો દેશ, વિદેશી...
ભારત મારો દેશ:

મારો તારો, દેશ જુદો છે
દેશ જુદો ક્લેશ જુદો છે
રંગ જુદો છે ને, ભેદ જુદો છે
માંગ્યા મુજબ સંદેશ, વિદેશી...
ભારત મારો દેશ.

મારી ધરતી મારું સોનું
સોનાથી એ પ્યારું સોનું
મારું સોનું તારું સોનું ?
ત્યાગ કરી દઈ લેશ, વિદેશી...
ભારત મારો દેશ.

ભારતમાં દુષ્કાળ છે તુજથી
દેશ થયો કંગાળ છે તુજથી
જગ જગ જેનો કાળ છે તુજથી
જાણ્યા તુજ ઉદ્દેશ, વિદેશી ..
ભારત મારો દેશ.

તારી આજ ને કાલ હું જાણું
તારી સર્વે ચાલ હું જાણું
તારા મુદ્દામાલ હું જાણું
આવે છે આવેશ, વિદેશી...
ભારત મારો દેશ.

લોક થયા શું શિક્ષિત, તુજથી?
ધર્મો છે શું રક્ષિત, તુજથી?
દેશ છે આખો ભક્ષિત, તુજથી
રહેવા દે ઉપદેશ, વિદેશી...
ભારત મારો દેશ.

બે સૈકાનું તારું જીવન
કેવું નીચ નઠારું જીવન
કર્યું લોકનું ખારું જીવન
તારાથી છે ક્લેશ, વિદેશી...
ભારત મારો દેશ.

'દેશનો કર ઉદ્ધાર'

દેશનો કર ઉદ્ધાર વીરા
દેશનો કર ઉદ્ધાર.
હો તુજ જય જયકાર વીરા
દેશનો કર ઉદ્ધાર.

આઝાદીના ડંકા વાગે
આળસ ત્યાગી લોકો જાગે
ચાલ તું આગે સૌની આગે
તું છે સિપેહસાલાર, વીરા ..
દેશનો કર ઉદ્ધાર.

શક્તિઓ તારી તારું શુરાતન
ઊર્મિઓ તારી તારું યૌવન
તારું વાંચન, તારું મંથન...
એ સૌનો એ સાર વીરા...
દેશનો કર ઉદ્ધાર.

ઢગલે ઢગલા લોક અશિક્ષિત
દંભ ને દેખાવોમાં પુલકિત
વિપરીત રીતો, ખ્યાલો વિપરીત
પ્રશ્નો છે પારાવાર વીરા...
દેશનો કર ઉદ્ધાર.

ધર્મ દયાના શા શા નાટક
ઓગમ છે નિર્દયતા વ્યાપક
સાસન ઝુલ્મી ઝાલિમ શાસક
કેટલો અત્યાચાર; વીરા
દેશનો કર ઉદ્ધાર.

યાદ જરી છે સત્તાવન પણ?
જલિયાંવાળાઓના સમર્પણ?
આએ છે ઇતિહાસનું દર્પણ
જોઈ એ સત્તાવાર વીરા .
દેશનો કર ઉદ્ધાર.

આપ ને પાપ ગુલામી જીવન
આઝાદી થી કર એ પાવન
તોડ એ બેડી તોડ એ બંધન
દેશના ,તારણહાર, વીરા...
દેશનો કર ઉદ્ધાર.



શાસનને ઉથલાવી દો

ષટપદી.-(મુસદ્દસ)

આઝાદ ફરીથી ભારતને ભારતના વીર બનાવી દો
વર્ષોની ગુલામીની બેડીને છોડો, તોડો, ફગાવી દો.
નિંદ્રામાં પડેલા લોકોની આળસને ઉંઘ ઉડાવી દો.
જે લોકોનું તરસ્યું શાસન છે એ શાસનને ઉથલાવી દો
સોગંદ જવાનીના તમને એ ઢંગથી, રંગ જમાવી દો.
  યા નાશ તમારો થઇ જાએ યા દેશમાં જીવન લાવી દો
  આઝાદ ફરીથી ભારતને ભારતના વીર બનાવી દો.

ચાલીસ કરોડના હાથોમાં બાંધી છે ગુલામી જંજીરો
હથિયાર ઝૂંટાયા વર્ષોથી ના તીરો છે ના શમશીરો
તાબાઇ રહ્યાં છે માલિકના તકદીરે તમારા તકદીરો
છે સ્વાર્થને આડંબર જેમાં એ દંભના પડદા ને ચીરો
  આઝાદીના દીપક રાગોથી અંતર—અંતર સળગાવી દો
  આઝાદ ફરીથી ભારતને ભારતના વીર બનાવી દો.

લો આજ યુવાનો શુરવીરો કંઇ કાર્ય પ્રતિજ્ઞા લો મનમાં
જે મુખથી કહો છો બોલો છો તો તેને ઉતારો વર્તનમાં
તન મન ધન ને જીવન પણુ હોમી દો એ આંદોલનમાં
તો હાળ પડે એ શાસકને ઉત્પાત મચે એ શાસનમાં

પાશવતા રહે ના પોકળતા કંઈ એવી આગ લગાવી દો
આઝાદ ફરીથી ભારતને ભારતના વીર બનાવી દો.

સૌ હિંદુ મુસ્લિમનાં દિલના એ મતભેદો દફનાવી દો
ભૂલી ગયા માનવ માનવતા એ માનવતા સમજાવી દો
ના ભાવ મળે જે ભાવીમાં એ ભાવીને ગુંગળાવી દો
ઉજ્જવળ બને ભૂમિ ભારતની કંઈ એવું ભાવી બનાવી દો
જેમાંથી જગતનું થાય ભલું એ ક્રાંતિ ઘરઘર લાવી દો
આઝાદ ફરીથી ભારતને ભારતના વીર બનાવી દો.

★

(કત્આ)

ગુલામોના શિર પર બલા યાદ આવી
મને હિંદની દુર્દશા યાદ આવી
બસો વર્ષનો રોગ છે એ પુરાણો
છતાં દર્દની ના દવા યાદ આવી ?

★

'નિરાશ'ને

આશથી જીવન જીત સહચર
આશથી જીવન જીત.

જીવન જગનું છે આશા પર
થાય 'નિરાશ' નિરાશ છે શા પર
કર આશાથી પ્રીત, સહચર...
આશથી જીવન જીત.

આશની ફૂલવાડીમાં ફરી જો
આશ સુરાનું જામ ભરી જો
આશનું સુણ સંગીત, સહચર...
આશથી જીવન જીત.

તારી નિરાશાને ભૂલી લે
આશને ઝૂલે તું ઝૂલી લે
ગા આશાનું ગીત, સહચર...
આશથી જીવન જીત.

ભરદરિયે જો નિરાશા ડુબાવે
આશ તણખલે તણખલે તરાવે
તરતાં એ ગા ગીત, સહચર...
આશથી જીવન જીત.

આશાદેવી, નિરાશા ડાકણ
આશા સુંદરી, નિરાશા નાગણ
આશાથી કર પ્રીત, સહચર...
આશથી જીવન જીત.

શીરને હથેલીમાં લઈ ફરજે
મરવા પહેલા મુક્તિ વરજે
એજ છે જીવન રીત સહચર...
આશથી જીવન જીત.

★

'હુલ્લડખોરોને અર્પણ'

(પ્રાસંગિક)

છો દેશને માથે પાપ સમા, હે ઘાતકી પાપી ખૂબ હસો
હા ધર્મને નામે અધર્મિઓ એકમેકને કાપી ખૂબ હસો

સત પ્રેમનું સત્યાનાશ કરી, વિશ્વાસ ઉથાપી ખૂબ હસો
હે નીચ ને હિંસક પ્રાણીઓ હે પાશવી પાપી ખૂબ હસો

નાસૂર છો માનવતાને શિરે દુર્ગંધ એ વ્યાપી ખૂબ હસો
સંતાન તમારાં યાદ કરે એ વારસો આપી ખૂબ હસો

'હિંદુત્વ'ને હાનિ પહોંચાડી 'ઇસ્લામ'ની શાનને શરમાવી
હે 'રામ' 'રહીમ'ને ભજનારાં એ બન્નેને કાપી ખૂબ હસો

'જાફર' ને 'અમીચંદો'ના છો જીવંત હજી વારસદારો
વર્ષો સુધી બ્રિટનની સત્તા સ્થાપી છે તો સ્થાપી ખૂબ હસો

ઘર સૌનાં વસ્યાં પાસે પાસે પણ દિલ ન થયાં પાસે પાસે
પાડોશીના ઘરને આગને તાપો આ તાપી ખૂબ હસો.

નિજ કોમ, ને ધર્મ, કુટુંબ વતનનાં દુખ સહેનારો હિંમતથી
એ મસ્ત 'અમીન આઝાદ' થયો છે આજે વિલાપી ખૂબ હસો.

*

' માતૃભૂમિ '

મળ્યા પરતંત્રતાના સંસ્કાર માતૃભૂમિ
બન્યા ગુલામ ભૂલ્યા તુજ પ્યાર માતૃભૂમિ

લે જોઇ લે ગુલામીની આ મનોદશા છે,
પુત્રો કરે છે તારા તકરાર માતૃભૂમિ.

અમને એ સલ્તનતનો બસ નાશ જોઇએ છે
તારો અમારો એકજ ઉપચાર માતૃભૂમિ

પ્રત્યેક ઘરમાં બાળું ક્રાંતિની હું મશાલો
પરતંત્રતાનો ભાગે અંધકાર માતૃભૂમિ.

ડાકણ સમા અભણના ઘર ઘરથી દૂર નાસે
લઇ જ્ઞાનદેવ દોડે તલવાર માતૃભૂમિ.

આઝાદ જીવવું છે નહીં તો મરી જવું છે
કાપીશ હું ગુલામીના તાર માતૃભૂમિ.

★

'દુનિયા નવી બનાવ તું'

ઊઠ હિંદના ગુલામ ઊઠ, મુક્તિ હવે તો લાવ તું
આભને ખળભળાવ તું, ધરતીને ધણધણાવ તું.

ઊઠ જાગ જાગ હે યુવક, ઊંચી કર આંખની પલક,
કોઈને આપ ના મચક, દુનિયાને હચમચાવ તું.

જુનો ને જર્જરિત છે દાટી દે એ સમાજને
તારા વિચારની હવે દુનિયા નવી બનાવ તું.

આજ ભલે છે શાંતિ દૂર નથી એ ક્રાંતિ,
દુનિયા નથી જો માનતી, નાછૂટકે એ મનાવ તું.

તોફાનમાં ફસાય પણ અથડાય ડૂબી જાય ના
તારા જીવનની નાવને એવી રીતે ચલાવ તું.

એ દરગુઝર કરી જવાના દિવસો વહી ગયા
જેણે તને સતાવ્યા તેને હવે સતાવ તું.

* * *

ચાલી હવા વસંતની સાકી જો, વાદળી ચઢી
તૌબાની એવી તેવી આજ લઈને શરાબ આવ તું.

વીણી વીણીને ફૂલ સમ લઈ લે એ ખુશ ખુશાલ થઈ
હા, દિલ, તડપતી ઊર્મિઓ એવી રીતે સજાવ તું.

જેની જુએ છે રાહ તું, તેઓ ન એમ આવશે
લેવાને દિલને પાડવી, આંખો હવે બિછાવ તું.

કે'છે બુઢાપો ચેતજે કંઈ મારે માટે રાખજે
કે'છે જવાની બેધડક તારું બધું લુંટાવ તું

દુનિયાની વચ્ચે મૂકીને કે'છે મને ખુદા, 'અમીન'
જોજે ગુનાહ ના કરે તુજ જાનને બચાવ તું.

આવી ગઇ દિવાળી

ઓ આવી, આવી, આવી ગઇ દિવાળી
સકળ સૃષ્ટિ સજાવી ગઇ દિવાળી
દિવાળીમાં દીપક દીપી રહ્યાં ત્યાં
નિગર અહીંઆ જલાવી ગઇ દિવાળી

ફરી આ વર્ષે આવી ગઇ દિવાળી
ને ક્ષણભર ગમ ભૂલાવી ગઇ દિવાળી
દિવાળીમાં છે હોળીના હુતાશન
ગુલામોને બનાવી ગઇ દિવાળી.

અમીરોને હસાવી ગઇ દિવાળી
ગરીબોને રડાવી ગઇ દિવાળી
ફક્ત આઝાદી જ્યારે આવશે તો
અમે સમજીશું આવી ગઇ દિવાળી.

★

બાકી છે.

હજી 'જાફર' 'અમીચંદો'ના વારસદાર બાકી છે
ઘણા આ પાર બાકી છે ઘણાં તે પાર બાકી છે.

હજી સરકાર સાથીદાર જો ઝરદાર બાકી છે
ઘણાં વર્ષો અમારા લોહીનો વેપાર બાકી છે.

અમે નિશસ્ત્ર છીએ તોય બે હથિયાર બાકી છે.
'કલમ' છે 'જીભ' છે તો મ્યાનમાં તલવાર બાકી છે.

ગુલામી, નમ્રતા, કંગાલીયત, ને ભૂખના ભડકા
વરસતા મેઘમાં પણ ધીકતા અંગાર બાકી છે.

દિવાળીથી છે રાજી કોઈ, કોઈ ઇદથી છે ખુશ
ગુલામો ને ગુલામી ભૂલવા તહેવાર બાકી છે.

ગરીબો ને તો કંઈ ખાવા કે પીવાની નથી તંગી
ઘણો ગમ છે ઘણી આહો છે અશ્રુધાર બાકી છે.

અરે કોણે કહ્યું નિષ્ક્રીય છે માનસ ગુલામીનું
અમારા મુખમાં આઝાદીનો શબ્દોચ્ચાર બાકી છે.

એ રશિયા ક્યાં ને બ્રિટન ક્યાં; ગરજ માટે મળ્યા કિન્તુ,
અને અહીં ભાઈ ભાઈમાં હજી તકરાર બાકી છે.

ન દુનિયાનું ભલું ઇચ્છે, ભલું ચાહે ન ઇશ્વરનું
અધર્મી ધર્મરાજે એવા ચોકીદાર બાકી છે.

નથી રહેવાનું અમને, તો પછી એ રહી ને કરશે શું ?
અમે એ માની લીધું એકલો કિરતાર બાકી છે.

'અમીન' એવુંજ જીવન છે તો જીવો જેટલું જીવો
ન જાણે કોનો કોનો માનવો આભાર બાકી છે.

★

ઇદ ટાણે

(મિત્રોને અર્પણ)

શર્મ આવે છે સુધારક ને સુધારક કહેતા
શર્મ આવે છે મને ઇદમુબારક કહેતા

શર્મ આવે છે ગુલામીની એ ઝંજીરોથી
શર્મ આવે છે હવે હિંદના શરવીરોથી

શર્મ આવે છે હવે હિંદમાં રહેતા રહેતા
શર્મ આવે છે હવે ઝુલ્મને સહેતા સહેતા

શર્મ આવે છે જવાનોનો બુઢાપો જોતા
શર્મ આવે છે હવે આંખને રોતા રોતા

શર્મ આવે છે ગરીબો ને એ મઝદૂરો પર
શર્મ આવે છે દયા ખાતા, એ મજબૂરો પર

સામ્ય જે દેશમાં ના હોય તો અંજામ છે શું!
દેશ નિર્બળ છે તો એ દેશનું પણ નામ છે શું?

પારખી લઉં છું હું લુચ્ચાઇ એ ધનવાનોની
ટીપડા જેવા વરૂ જેવા એ ઇન્સાનોની

કેમ એ ધનના પૂજારીને મુસલમાન કહું
કેમ એ ધનના પૂજારીને હું ઇન્સાન કહું

દિલ નથી જેમની પાસે ને ફક્ત દૌલત છે
એવા ધનવાન ઉપર તારી ખુદા લનત છે

કોમને ચાહે જો ધનવાન તો ધનવાન કરે
કોઈ ભૂખે ન મરે ના કોઈ બેકાર ફરે

પણ ન કંઈ ભાન છે ના લાગણી બાકી એમાં
ધનની ધુન ધનની ફક્ત રાગણી બાકી એમાં

આ તો ધનવાનની થઈ વાત જવાનોનું શું!
તીર બનતા જે વળી ગઈ, તે કમાનોનું શું!

ઠોકીએ પીઠ તો ધબ દઈને પડે ધરતી પર
ઠોકીએ છાતી તો દિલ બંધ પડે એનો છે ડર

ફૂંક મારો તો ઉડી જાય, છે ગોખા જેવા
દાંત મોઢામાં સલામત અને બોખા જેવા

ન હમીય્યત, છે ન ગયરત, ન ખુદી ના એહસાસ
હોય બાકી જો રહ્યું કંઈ તો ફક્ત તેઓના શ્વાસ

ન તો હિંમત છે ન ચેતન છે ન કુવ્વત બાકી
જાણે માબાપના શિર પર છે મુસીબત બાકી

રહી ગયું છે હજુ યૌવનમાં લડકપણ બાકી
આરગી સાથે ફક્ત તેઓનું સગપણ બાકી

એટલું પુછું હું તમને કે હે રૂઢીના ગુલામ
આવશો કોમને કે દેશને ક્યારે તમે કામ

એવા સંજોગમાં પણ આંખ નહી જો ખોલો
ઉંચે ઉડવું છે અને પાંખ નહી જો ખોલો

તો પછી નાશ તમારો છે સદંતર જાણો
સાથીમાં હવે મોતહામનું દફતર જાણો

એટલું જાણો ગુલામીમાં હરેક મોત હરામ
તમે જુવો કે મના અર્થ શું એમાં, હો ગુલામ

★

'માનવી'

એ ક્યારે કરશે માનવી-ઉદ્ધાર માનવી
ઇતિહાસનો છે વર્ષોથી પોકાર 'માનવી'

જ્યાં અંધ થાય પોષી અહંકાર માનવી
દિલ એનું ક્યાંથી માને કોઈ હાર માનવી

છે એની પ્રકૃતિમાં હજારો વિચાર રંગ
રંગીન રંગનો છે ઝંકાર માનવી

વિજ્ઞાન જાણ્યું છે કે કુદરતની હાર થઈ?
શી તારી જીત માનવી, શી હાર માનવી?

લોલુપતા, સ્વાર્થ, મોહ, દુરાચાર ક્રૂરતા,
એનો કર્યા કરે છે ગુણાકાર માનવી.

એ તાંડવ નૃત્ય, પાશવી મન, આંખમાં ઝનૂન
ઉજવી રહ્યો છે લોહીનો તહેવાર માનવી.

હા, પ્રેમનો પ્રચાર હતું એનું કામ પણ
ફેલાવતો રહ્યો છે તિરસ્કાર માનવી

ધર્મસ્થળોને માટે લડે, લઈ પ્રભુનું નામ
યાને કરે છે માનવી સંહાર માનવી.

બેશર્મી, નફ્ફટાઈની દાદ આપજો જરા
ઇચ્છે મરીને સ્વર્ગ ગુન્હેગાર માનવી.

માનવતા એની જ્યારે મરે થાય દુખ મને
આઘાત આપતો નથી મરનાર માનવી.

ધરતીનો થઈ ધણી હવે આકાશ જીતવા
કલ્પી રહ્યો છે થઈ જવા કિરતાર માનવી.

માનવતા મારી એક તો આધાર છે 'અમીન'
કોણે કહ્યું કે હું છું નિરાધાર માનવી.

★

અંધ માનવી

નૂરથી ભરપૂર આંખોવાળા માનવ! આમ આવ,
દૃષ્ટિ છે તો અંધની સાથે જરા દૃષ્ટિ મિલાવ.

તારી આંખો જે જુએ છે એ કહે છે પણ તને?
જો કહે છે તો વિચાર એનો રહે છે પણ તને?

નૂર છે આંખોમાં તારી તેથી શું ફુલાય છે!
ખુલ્લી કીકી હોય તો આખું જગત દેખાય છે.

તારી એ આંખોને થોડી પળને માટે બંધ કર,
અંધતાની કલ્પના એ પળ તો થઈને અંધ કર

વાત એવી છે ઉઘાડી આંખ સમજાશે નહીં,
તો જ દેખી શકશે તું જો તુજને દેખાશે નહીં.

આઈનામાં જોઈને પણ મુખડું દેખાશે નહીં,
રૂપનું; કદરૂપતાનું, મૂલ્ય અંકાશે નહીં,

ના, બજારોમાં નથી મળતું બધું જે જોઈએ,
નૂર લઈએ આંખોનું ક્યાંથી જ્યાં ન વેચ્યું કોઈએ.

સાંભળું છું કુદરતી દૃશ્યો મનોહર હોય છે,
જોઉં ક્યાંથી આંખ પર અંધકાર-ચાદર હોય છે.

આશરો લેવો પડે છે પારકાના હાથનો,
છું, અભિલાષી હમેશાં કોઈના સંગાથનો.

પુષ્પ સૂંઘી લઉં છું પણ સૌંદર્ય દેખાતું નથી,
શું સારું છું, શું કહું, મારાથી કહેવાતું નથી!

રૂપો સ્વરૂપો ઘડે છે બંધ આંખે કલ્પના,
હા, ઉડે એ પણ ઉડે છે બંધ આંખે કલ્પના.

મારી સૃષ્ટિ છે નિરાળી, કલ્પના મારી જુદી
મારી દૃષ્ટિ છે નિરાળી ભાવના મારી જુદી.

હો ભલું, પણ આંખ જો ના હોય તો દુનિયા નથી,
હોય આંખો પણ ન દૃષ્ટિ હોય તો ગણના નથી.

સાનને પણ આંખવાળા અંધ થઈ જતા નથી.
જોઈએ તેને એમ લાગે, તો તો કશું ખોટા નથી.

આ અખાડામાં ઘણાંનો આંધળાનો વેશ છે,
દંભ, આડંબર, જુઠાણું જેમનો આદેશ છે.

છે ઘણાયે માનવી જે માનવી હોતા નથી,
જે છતી આંખો છતાં બેનૂર છે, જોતા નથી.

એ બધી વાતો દલીલો હું જવા દઉં છું હવે,
બોલ આંખો આંખવાળા દેખવા દઉં છું હવે.

★

ફર્યાદનામું

ખુદા જો સાંભળે, સંભળાવું એને હું કથા મારી
ગુલામીનો છું રોગી આજ માંગું છું દવા મારી.

મને ભારતમાં વર્ષો થઈ ગયાં સડતાં ગુલામીમાં
મળી મંઝિલ ન આઝાદીની આથડતાં ગુલામીમાં.

નમાલો છું નકામો છું રે; પર આધિન માનવ છું
એ કહેતા શર્મ આવે છે કે શક્તિહિન માનવ છું.

કે હું સંતોષી મુફલિસ છું અને પરતંત્ર કાયર છું
મરેલી લાગણીઓ છે નથી માનવ હું પથ્થર છું.

ખરેખર જીવવાને પણ નથી લાયક હું ભારતમાં
બતાવું છું ફક્ત ભજવી જીવન નાટક હું ભારતમાં.

ગુલામ આજે છું જાણીતો થયો હું દેશ પરદેશે
મને એ માનહાની તો કદી ના જંપવા દેશે.

નથી હું એક એવો હિંદમાં, ચાલીસ કોટી છે
પ્રજા પરતંત્ર છે પણ શાસકોથી ખૂબ મોટી છે.

અમારા હાલ એવા હાલ છે બેહાલ જેવા છે
અમારી આજમાં પણ ઢંગ તો ગઈ કાલ જેવા છે.

જીવિત મુર્દાઓ જેવા હિંદના ઈન્સાન છે જાણે
ને હિંદુસ્તાન મોટું એક કબ્રસ્તાન છે જાણે.

*

અમારા પણ અમારી એટલી દરકાર રાખે છે
અમારી જેટલી દરકાર એ સરકાર રાખે છે.

કલમમાંથી અમારા લેખકો બસ 'પ્રેમ' ટપકાવે
યુવાનો યુવતિઓને રસ અને શૃંગાર સમજાવે.

કવિ મિત્રો છે જેઓ બુલ્બુલોના ગીત સમજાવે
બળી મરતાં પતંગોનું દીપક સંગીત સમજાવે.

કલાકારો છે જેઓ રંગની પુરાણી કરી જાણે
બતાવે બાગમાં નારી ને એક હરણી કરી જાણે

યુવક પણ દેશના બળવાન છે ને ખૂબ સુંદર છે
એ કપડાંઓમાં ઢંકાએલ જાણે હાડપીંજર છે.

'બહાદુર ખાન' છે ને 'રાવ' છે 'જે. પી.' અને 'સર' છે
પ્રજા પર છે વજન તેઓનું એક એક એક પથ્થર છે.

અમારા ધર્મવીરો પણ બની રક્ષક, કરે ભક્ષણ
ભર્યા પેટે કરે છે લોકો પણ 'ભૂખના ભાષણ'

અમારા ધન કુબેરો ધનના ઢગ પર નાચ નાચે છે
ગરીબોનું ને મઝદુરોનું લોહી પીને રાચે છે.

અમારા માણસો છે ખુદ અમારૂં ખૂન પીનારા
એ ખૂની માલિકો ને શાસકોને સાથ દેનારા.

ગુલામી એટલી ફેલાઈ ગઈ છે આજ ભારતમાં
ગુલામોને ગમે છે જાણે એવું રાજ ભારતમાં.

ગરજ જો અર્જ કરીએ કોની પાસે જઈને ક્યાં કરીએ
અમારી ક્યાં પડી છે કોઈને છો જીવીએ મરીએ

અમારી ઝિંદગી જગના દુખો સહેવાને માટે છે
'ગરીબોનો ખુદા બેલી' ફકત કહેવાને માટે છે!

★

કવિ અને ઘોડાપૂર

કવિ સરિતા તટે બેઠો હતો ને પૂર આવ્યા'તા
કવિ માટે બિચારો પૂર એ, ભરપૂર લાવ્યા'તા
નદી ને બાહુપાશોમાં કિનારાઓએ જકડી'તી
છટકવા જીવ મેળવવા તે આજે ખૂબ બગડી'તી.

કવિએ દૂર દૃષ્ટિ ફેંકી, પેલે પાર પાણીમાં
કે જ્યાં ઠંડો થવા ફરતો હતો અંગાર પાણીમાં.
એ જ્યાં બેઠો હતો કાંઠાની ઉંચી એક ભેખડ પર
હતું ત્યાં વૃક્ષ વડનું ને હતાં વનવાગળાં વડ પર

એ ભેખડ પાસે અફળાતા હતા તોફાનના મોજાં,
હતા અહીં એના દિલ પર સેંકડો અરમાનના બોજા
એ અથડામણથી મોજાંની કવિને પ્રેરણા લાધી
અને તે પ્રેરણાથી કાવ્ય સ્ફૂર્યું, સાધના સાધી.

વિચારો પૂરના પાણીની માફક આવવા લાગ્યા
મગજમાં એક ઉલ્કાપાતને જન્માવવા લાગ્યા.
ઉછળતા કૂદતા પાણીના પરપોટા નિહાળીને
હૃદય અરમાન દાબી દીધા એણે અશ્રુ ખાળીને.

તણાતા પૂરમાં મઝદૂરના ઘરબાર દેખાયા
કિનારે પૂર જોવા આવતાં નરનાર દેખાયા.
હતો મેળો હતી રંગત સુખી જનતા જમા થઈ'તી
હતું દુખ કોઈને તો કોઈને જોવા મઝા થઈ'તી.

તણાતી ઝૂંપડીઓને નિહાળી એણે જ્યાં સામે
હતી અણનમ ઉભા બંગલાઓની એક હાર ત્યાં સામે.

કવિની કલ્પનાને એક મોટો ઝાટકો લાગ્યો
હું એની પાસે ઉભો'તો મને પણ ધાસ્કો લાગ્યો.

કવિને મેં પૂછ્યું, "બોલો કવિશ્રી કેમ લાગે છે
વધુ પાણી હજી પણ આવશે શું એમ લાગે છે?"

કવિ થોડા ચમક્યા, ને વદ્યા, "આ કેવી કુદરત છે
પ્રભુને શું ગરીબોથી ફક્ત એવી મોહબ્બત છે.

અરે આ કેવી વૃષ્ટિ, અતિ ને તારાજ કરનારી
દયાના રૂપમાં તસ્વીર આફતની ચીતરનારી.

ગરીબોને નથી હક જીવવાનો જાણે દુનિયામાં
ફકત છે જિંદગી તેઓની, દુખ સહેવાને દુનિયામાં'

દયાનિધિએ દયાની કેવી ગોલમજોલ છે રાખી
હતી જે જિંદગી પાણી વિનાની પાણીમાં નાખી."

વળી બોલ્યા "ફરી આ રેલ શા માટે હશે આવી!
ગયે વખતે હતી શી આફતો બાકી કે એ લાવી'

દયાળુ થઈ પ્રભુ, શું કોપ પણ કરતો હશે એવો!
અરે વર્તે છે એ પણ તાના જુલમી માનવી જેવો!

ગરીબોને નડે છે એ, તેમાં દોષ કોનો છે?
અભાગનો સિતમ છે, કે પ્રભુના રાજ? કોનો છે?

સમજ, તારા સમાજે માનવીમાં વર્ગ છે પાડ્યા
કે આપી મ્હેલ થોડાને, ઘણાને ઝૂંપડા આપ્યાં

ગરીબો ઝૂંપડામાં બેઘડી પણ ક્યાં સલામત છે!
કદી આકાશની આફત, કદી ધરતીની આફત છે.

કદી કડકડતી ઠંડી છે, કદી છે તાપ ધગધગતો
સહે છે સેંકડો ઝુલ્મો, બિચારા એ પ્રભુ ભક્તો.

ફક્ત શ્રદ્ધા અને અજ્ઞાનતા છે તેમની મૂડી
નથી કંઈ પ્રાણીઓ કરતાંય તેઓની દશા રૂડી.

છે હાકિમ એક દુશ્મન તેમનો ને 'ધનપતિ' બીજો
પ્રભુ પણ આજ દુશ્મન થઈ ગયો છે તેમનો ત્રીજો?"

બધું એકાગ્ર ચિત્તે સાંભળીને ત્યાંથી હું ઊઠ્યો
"કરીશ આઝાદ મારો દેશ" બોલી એટલું ઊઠ્યો.

મળે જો દેશને મુક્તિ બધાં દુઃખ દૂર થઈ જાયે
ફરી, શિક્ષણ અને સમૃદ્ધિથી ભરપૂર થઈ જાયે.

ગુલામી મૂળ છે આ આફતોનું આ વ્યથાઓનું
નિકંદન કાઢવું પડશે અમાનુષિ પ્રથાઓનું

અભણતા ના રહે કાયમ ન એ પરતંત્રતા કાયમ
ગરીબોને સહન કરવા પડે ના કંઈ વિકટ જોખમ.

અરાજકતાનું ખંડન થાય, સાચી સામ્યતા આવે
બધા જીવે સુખેથી એ સદાની એકતા લાવે.

અમીરો ને ગરીબોની એ તૂટે ભેદ-દીવાલો
બધી મિલ્કત પ્રજાની, ને પ્રજાની હોય સરકારો.

★

મારા શિક્ષકને

દર્દથી ભરપૂર શિક્ષકની કહાની આજ છે,
જેની છે મોહતાજ દુનિયા તેજ શું મોહતાજ છે?

મારા શિક્ષક, તારી હાલતનું કવિને ભાન છે.
માનહાનિ તારી, એ સંસારનું અપમાન છે.

તારી દૃષ્ટિ સામે સાચું હિત બાળકનું જ છે.
એની શિક્ષક મા નહીં પણ માને શિક્ષક તું જ છે.

તારું શિક્ષણ, આત્મઘડતર, તારું સર્જન ઇન્કિલાબ,
તું અભણતાનો રિપુ, સંસ્કારની મોંઘી કિતાબ.

બાળકોમાં બુદ્ધિ ને સંસ્કાર સર્જક તું જ છે
એ નથી ખોટું, કહું જો સાચો પાલક તું જ છે.

તું છે માળી બાગનો ને બાગ છે તારી નિશાળ
કુમળાં, કુમળાં, ફૂલ જેવાં અવનવાં જેમાં છે બાળ,

તું ન હોતે તો જગતમાં આદમી બનતે નહીં
એટલા હૈવાનમાંથી માનવી બનતે નહીં.

જોઈ તારા પરના ઝુલ્મો હું રહી શકતો નથી
તું સહી શકતો નથી, હું પણ સહી શકતો નથી.

જોઈશું કે ક્યાં સુધી સંહાર થાવે છે હવે
ધૈર્ય ધર ઓ. આપણી સરકાર આવે છે હવે.

૨૮–૨ ૪૬

★

યુવકને

આગળ યુવક ધસ્યેજા ભલે તું સરી ગયો,
પાછળ ન જો, ન ફર, જો જમાનો ફરી ગયો.

તોફાનમાં ઉતારુ થયો, ને મરી ગયો,
એ પહોંચ્યો કિનારે જે સાગર તરી ગયો.

તું છે હજી જવાન ને ઘરડો સમાજ છે,
કહેવાય કેમ, ઘરડો, યુવકને હરી ગયો.

સીક્કો છે એનો, નામ છે એનું, છે એની જીત,
મુઠ્ઠીમાં મોત લઈને જે રણુ સર કરી ગયો.

ઠંડુ છે તારું લોહી યુવક એમ કેમ છે?
તારો જરા વિરોધ થયો કે ડરી ગયો!

એવાં જીવન કે મોતનો શો અર્થ છે 'અમીન'
જે ખુદને કાજ જીવી ગયો, કે મરી ગયો.

★

'પરિવર્તન'

વિશ્વ સર્જી રહ્યું છે નવસર્જન
એના વર્તનમાં છે પરિવર્તન
જૂનામતવાદીઓ ચેત, ચેત જરા.
તારું મંડાય છે હવે ખંડન.

વીજ ચમકાર છે પરિવર્તન,
તેગની ધાર છે પરિવર્તન.
જો ગુનાહીને માનવી છે તો,
આગ, અંગાર છે પરિવર્તન!

મારો પોકાર છે પરિવર્તન,
એક ઉદ્ગાર છે પરિવર્તન.
તારી તકરાર છે પડી રહેવું;
મારી તકરાર છે પરિવર્તન!

પ્રાર્થના છોડ, છોડ એ પૂજન
એમ કર્યાં. થઈ શકે કંઈ ઉપાર્જન,
તું જ સર્જક છે, તારી સૃષ્ટિનો,
તારી સૃષ્ટિનું તું જ કર સર્જન.

જોયાં શાસ્ત્ર, કર્યાં મેં મંથન.
એક ધનવાન એક છે નિર્ધન.
પેંતરા છે બધા એ ધર્મોના.
કોણ પાપી ને કોણ છે પાવન?

આપને શું કરી શકું સૂચન?
આપ રાખો છો માનવીનું મન?
કેટલી આપમાં છે માનવતા?
કેવું ગાળો છો માનવી–જીવન?

*

એક મિત્રની શાદી પર

મુબારક થાય મારા મિત્રને મનમાનતી શાદી,
કુંવારાઓના જગમાં છે ખરેખર ક્રાન્તિ શાદી.
કહે બીજા ગમે તે, પણ છે જીવન–શાંતિ શાદી,
ઉકેલે છે 'જીવન પ્રશ્નો' ને છે વિશ્રાંતિ શાદી.

જીવનનો ધર્મ સમજે છે ઉભય ને પ્યાર શાદીથી
ચલાવે છે સફળ રીતે સુખી સંસાર શાદીથી.

ઘટા ચાર તરફ છાઈ છે ઉપવનમાં ખુશાલીની,
છે દિવસ ઇદના તો જાણે રાતો છે દિવાળીની.
ગજબ રંગત છે ફૂલોની ને ક્યારાની ને માળીની,
છે વાતો એમજ સાકીની ને શીશાની ને પ્યાલીની.

તમારાં બે દિલો એવાં મળે થઇ જાય એક દિલમાં,
ઉડો એક એકના પરવાના થઇ એ દિલની મહેફિલમાં.

બધા મિત્રોને મને, ટૂંક મુદ્દત માટે ત્યાગે છે,
ઉદાસી દિલથી ભાગે છે અને અરમાન જાગે છે.
ખુશાલીનાંજ વાજીંત્રો સવારે, સાંજે, વાગે છે,
મોહબ્બત અવનવી ભાસે છે મીઠી મીઠી લાગે છે.

જવાની ઊંઘ છોડીને ય માંગે જાગરણ ત્યારે,
અને દરરોજ પૂછે છે કે પડશે રાત્રિ ક્યારે!

અતિ આદર્શ ને ઉત્તમ વિયોગનું સરોવર હો!
તમારા પ્રેમની સંસાર નૌકાને ન લંગર હો.
નડે ના કોઈ તોફાનો બધાં મોજાંથી એ પર હો,
હો એવી શાંતિ જેમાં ન ગરબડ કંઈ જીવનભર હો,

પ્રણય સંગીત સાંભળવા દિલો તૈયાર થઈ જાયે.
અને જો એક તંબૂરો તો બીજો તાર થઈ જાયે!

ઘણા સુંદર સમય પર મિત્ર મારા, શાદી તારી છે,
જે નક્કી થઈ છે આ તારીખ એ તારીખ સારી છે.
જશે ગરમીની મોસમ આવે શ્રાવણની સવારી છે
તને દિલથી રાગથી મુબારકબાદ મારી છે

આ એક નાચીઝ 'હૃદયા'ની હૃદયની ભેટ બસ ગણ તું
ગરીબોથી અમીરો માટે બીજું કંઈ નથી બનતું!

★

'સેહરો'

મુખ છે સુંદર અને સુંદર પર એ સુંદર સેહરો,
રહી જશે યાદ બધાને એ જીવનભર સેહરો.

જ્યારે સેહરાનું થયું પ્રેમથી શિરપર બંધન,
મુખને નવશાહના જોતો રહ્યો પળભર સેહરો

નાવ એક બનશે અને બીજો સુકાની બનશે,
પ્રેમ તોફાનનો છલકાવશે સાગર સેહરો.

એનો એવો તો ચમત્કાર બનીને રહેશે
અંતરો જોડી જશે, કાપીને અંતર સેહરો.

એ મુલાકાતો નવી, રાતો નવી, વાતો નવી,
રચશે દુલ્હન અને દુલ્હાનું પ્રણયઘર સેહરો.

પ્રેમ પડકારશે પોતાનો પરિચય પોતે,
બંધનો બાંધશે બંનેને બરાબર સેહરો.

યાદ આવે છે મને વાત એ શાદીની '**અમીન**'
જ્યારે બંધાયો હતો મારા કફનપર સેહરો.

★

વતન નથી.

મન તારૂં, તારૂં મન નથી, તન તારૂં, તારૂં તન નથી
તું છે વતનમાં બેવતન તારૂં વતન વતન નથી.

નામર્દ હિંદના ગુલામ એવું જીવન તને હરામ
કિસ્સો મરીને કર તમામ, તારૂં જીવન જીવન નથી.

એ વાડાબંધીઓ વધી પડદામાં દુર્ગતી વધી
તો કેમ કહી શકાય ના, કે હિંદનું પતન નથી!

આપે છે પાઠ કરબલાની દાસ્તાનથી "હુસેન"
કુરબાનીની આપનારને પરવા નહીં, કફન નથી.

સંતોષી તું છે એટલે દુખમાં સુખી બને ભલાં
પણ એવા માનવીનું તેં માન્યું કંઈ જતન નથી.

જેનું જીવન હતાશ છે જેનું મરણ નિરાશ છે
એનું મરણ મરણ નથી એનું જીવન જીવન નથી.

એવા ગુલામ દેશમાં, બંદગી, જિંદગી, હરામ
શર્મની વાત છે 'અમીન' સમજાનું [illegible] નથી

★

ફાવી શકે

જે કરે છે સામનો દુનિયામાં તે ફાવી શકે
જોહલો શેતાન પણ ઈશ્વર ને ફંદાવી શકે.

જ્યારે ખુદ શેતાનને ઈશ્વર ન સમજાવી શકે
ક્યાંથી આ દુનિયાના પાપો કોઈ અટકાવી શકે

માનવી જેમાં કે માનવના નથા હેવાન છે
કોણ, જગના મૂડીવાદીઓને સમજાવી શકે!

જે ગુલામો હોય તેઓનો ખુદા કોઈ નથી.
નહીં તો ઝાલિમ સલ્તનતને આમ તે ફાવી શકે!

એ કવિની કલ્પના ને ઊર્મિઓ શા કામની
ક્રાંતિ લાવી શકે, આઝાદી ના લાવી શકે!

છે જરૂરત હિંદને, થોડાક વીરોની ફક્ત
જે ગુલામીને હમેશા માટે દફનાવી શકે.

*

ઝિંદગીમાં ઝિંદગી છે કામની એ ઝિંદગી
જે મરેલા દેશમાં કંઇ ઝિંદગી લાવી શકે.

છે સમજનારા તો ઓછા નાસમજનારા વધુ
એમ વધારે મુર્ખને ઓછાં શું સમજાવી શકે.

એક તો હું માનવી ટૂંકો ને ટૂંકી ઝિંદગી
ક્યાંથી મુજ બહોળા વિચારો કોઈ અપનાવી શકે.

શું કરૂં એ શ્વાસને જ્યાં ઝિંદગી નિશ્વાસ છે
શ્વાસ જાણે એટલું બસ, જઈ શકે, આવી શકે.

જે સમજતો કંઈ નથી સમજતું છું સમજે એ જ છે
ના સમજ એને પડે ના કાંઈ સમજાવી શકે.

તો જ એ સમજાવનારાઓને હું માનું 'અમીન'
ના સમજવું હોય તેને જ્યારે સમજાવી શકે.

★

સર્જનહારને

સુખની સાથે સાથે દુખ દેનારને
કેમ ભૂલું, ને વળી કિરતારને !

મારૂં સર્જન, એનું સર્જન થઈ ગયુ
મેં જ સર્જ્યા મારા સર્જનહારને.

જીતવામાં એમ તો જીતી ગયા
પણ દલીલોથી છુપાવી હારને.

મારી સાથે એનું એ વર્તન રહ્યું
જાણે હું ખપનો નથી સંસારનો.

જોઈલો, પરપોટો હું પણ જોઉં છું
જોઈ લેવા ઝિંદગીના સારને.

યાદ કરતાં, પૂર્ણ થઈ ચાલ્યું જીવન
ભૂલી ના બેસું હવે કિરતારને.

જે મળ્યો પાપોમાં ડૂબેલો મળ્યો
શોધી શોધી, થાક્યો તારણહારને.

ત્યારે કહેવાશે 'અર્માન' આઝાદ તું
જો કલમથી જીતશે તલવારને.

★

સર્જન થશે

જો યુવકના રક્તનું સિંચન થશે
તો જ હિંદુસ્તાન નંદનવન થશે.

થઈ જવા દો નાશ દુનિયાનો ભલે
નાશમાંથી એક નવું સર્જન થશે.

નાહો પીએ માનવીનું માનવી
શી ખબર, એવાં પરિવર્તન થશે!

એને લેવા દો અનુભવ ઠોકરો
એજ દુર્જન આખરે સજ્જન થશે

એના જીવનમાં ભરેલો છે કવિ
કોણ જાણે મરશે ના જીવન થશે!

છેડવાની છે ગઝલ ભૂમિ હજી
ગુર્જરીમાં પણ ગઝલ ગુલશન થશે.

મારા મર્યા બાદ મિત્રોને 'અમીન'
મારું જીવન જીવવાનું મન થશે.

ફોરમ રાખું છું.

ગુજરાતને ગઝલો આપું છું પણ ધ્યેય એ હરદમ રાખું છું
'બંગા' અને 'ઝમઝમ' બંનેની સરહદનો સમાગમ રાખું છું.

સંસારમાં જે કંઇ રાખું છું, એક મિત્ર અનુપમ રાખું છું
દિલ મારી ગતાગમ રાખે છે, હું દિલની ગતાગમ રાખું છું

મારૂં અને પુષ્પોનું જીવન જો એમ જુઓ તો સરખું છે.
છે તેટલું મારૂં મુલ્યાંકન, હું જેટલી ફોરમ રાખું છું.

છે પ્રેમનો મારો રાહ વિકટ, પહોંચીશ છતાં મંઝિલની નિકટ
કંટકથી ભરેલા સંકટ–પટ હું તારી ગતાગમ રાખું છું.

શું વિરહની રાતે વીતે છે, બંનેના અનુભવ ના પૂછો,
એ પુષ્પની સમ પ્રાતઃકાળે આંખોમાં હું શબનમ રાખું છું

જે મારા હૃદયના ભાવો છે, એ મારા હૃદયને ભાવે છે,
જે કંઇ હૃદયંગમ રાખું છું, તે હું હૃદયંગમ રાખું છું

હું પાપ છુપાવી પાપોમાં એક પાપ ઉમેરું છું જાણે.
મોહબતમાં બધું છે જાહેર પણ જાહેરમાં એ મોહબત રાખું છું

'આઝાદ' તખલ્લુસ તો રાખ્યું, ને એમ 'અમીન' આઝાદ થયો,
પણ તેટલું જોખમ ખેડું છું. હું જેટલું જોખમ રાખું છું.

મળી 'વાહવા' મને

થઈ ગઈ એ ખાત્રી તો હવે સો ટકા મને
નિજમાં જો થાઉં ગુમ તો મથું પામવા મને.

એ આત્મબળની ઓથ મળી છે સદા મને,
જગની બુરાઈઓનો નડ્યો તાપ ના મને.

કોઈ પથિકની કામ ન આવી કલા મને
મુજ લક્ષ્ય માટે કરવી પડી સાધના મને.

અંધકાર પર છવાઈ રહે જેમનો પ્રકાશ,
ના માણસાઈના એ મળ્યા દીવડા મને.

મારા પ્રણયની વાત નિરાળી, પ્રથા જુદી,
'લક્ષ્મી' ગમી નહીં ને ગમી 'શારદા' મને

મૃત્યુના જામમાં છે ભરી કડવી જિંદગી,
પીવી જ પડશે મીઠી ગણી એ સુરા મને.

બુદ્ધિની વાત છોડો હવે દિલની ઊર્મિઓ
લેવો પડયો છે પક્ષ તમારો સદા મને

મેં નામના તો મેળવી ને નામ પણ કર્યું,
પજવી રહી છે આજ હવે નામના મને.

મારી વિચિત્રતા તો ગઝલની જુઓ 'અમીન'
ભરતો ગયો છું 'આહ' મળી 'વાહવા' મને

જ્યાં જ્યાં મને 'અમીન' જવું છે હું જાઉં છું,
વાહન બનીને ફેરવે છે કલ્પના મને.

દિલની ધડકનથી

મને શિક્ષા મળી છે એટલી વાચન ને ચિંતનથી,
વધુ દુખ પામવાનું છે વધુ જીવન–વિવેચનથી.

હજી મૃત્યુ નથી આવ્યું, દયા તારી જીવન દાતા,
મને એ પ્રશ્ન મુંઝવે છે, મળ્યું શું મુજને જીવનથી.

જુદી જાતિ, જુદી રસમો, જુદા વાડા, જુદા ધર્મો,
બધું હો પૂર્વજોનું શું નથી આવ્યું સનાતનથી.

મને ભૂલી જવા ચાહો છો ધારો છો, વિચારો છો,
મટી શકતો નથી હું કેમ તો પણ આપના મનથી.

વિરહમાં વિલવળું છું ને વિચારોમાં હું વિચરું છું
મઝા એકાંતની ના ઝૂંટવી લે તેઓ દર્શનથી.

જવાની આપની મેં જોઈ, ને બળ આપનું જાણ્યું.
કહો રોકી શકો પણ છો બુઢાપાને એ યૌવનથી.

નથી એવો નથી હું આશ્વાસન આપથી ઇચ્છું
મળે છે આશ્વાસન મુજને અંતરની હુતાશનથી.

ન ઉજવું છું વરસગાંઠો, ન મારી ઉમ્ર હું આંકું
ગણી લઉં છું ઘડીઓ જિંદગાની, દિલની ધડકનથી.

થયો છે જન્મ જ્યાં મારો, ને જ્યાં કહેવાઉં માળી હું
ન સુરભિ પણ મને આજે મળે છે મારા ઉપવનથી.

'અમીન આઝાદ' છું તો પણ હું બંધનમાં છું જીવનના
પરીક્ષા લઈ રહી છે મારી, દુનિયા મારા બંધનથી.

તોળતો હતો

'જેને હું આમ તેમ ફરી ખોળતો હતો
દિલમાંજ બેઠો એ મને ઢંઢોળતો હતો.'

જોઈને સ્વર્ગમાં મને, રેહમત હસી પડી,
જ્યારે ફરિશ્તો મારા ગુન્હા તોળતો હતો.

ગઈ કાલના એ માળીને જાણું છું આજ પણ,
મારા જીવનનું ફૂલ જે રગડોળતો હતો.

દરિયાકિનારે સાંજના, છે બાળપણની યાદ!
ગાતી હતી તું ગીત ને હું ડોલતો હતો.

મારા એ દિવસોને હજુ ભુલ્યો નથી,
પીતો હતો હું તેથી વધું ઢોળતો હતો.

ના'નો નીકળ્યો 'કણ'થી એ દુનિયામાં હું 'અમીન'
મોરી નજરથી જ્યારે મને તોળતો હતો.

ચાંદની પાથરૂં છું

કવનમાં હૃદય-આગ જ્યારે ભરૂં છું,
સભાને નથી ભાસ, સળગી મરૂં છું.
જુદું હું વિચારી, જુદું આચરૂં છું.
મને જીવવું છે ન છૂટકે મરૂં છું.

નિરાશા સમુદ્રે તણખલું છે આશા
જુઓ હું તણખલાને પકડી તરૂં છું.
કવું છું, ફક્ત ઉર્મિઓને કવનમાં,
નથી ધાર્યું સાહિત્ય–સેવા કરૂં છું?

તમન્ના સુરા છે, ને દિલ જામ જાણે,
હું ખાલી કરૂં છું ને પાછો ભરૂં છું.
તમે સૂર્ય થઈને તપો છો તપો, પણ.
જુઓ!! મને, ચાંદની પાથરૂં છું.

હું સંજોગનો ભોગ છું ભોગ જાણે
નહીં તો તમે જોત, શું શું કરૂં છું!
દયાજનક છું કે મનાવીને મનો,
ગુલામમાં 'આઝાદ' નામે ફરૂં છું.

ઘણાં પ્રાણીઓ વિશ્વમાં ક્રૂર છે પણ,
ઘણો ભાગે હું માનવીથી ડરૂં છું.
ઉપાધિ 'અમીન', એમ ધર્મિષ્ઠ છું: કે
બધા સાથે ઇન્સાનિયત વાપરૂં છું.

બનાવી દે

જીવનમાં તો જીવનનો આધાર બનાવી દે
વેરાન બન્યા દિલને ગુલ્ઝાર બનાવી દે.

દિલ છે જ અને દિલમાં છે દર્દ જો રહેવાનું
એ દર્દને જીવનનો આધાર બનાવી દે.

આ તારી બનાવેલી દુનિયામાં રહ્યું છે શું?
એક બીજી નવી દુનિયા કિરતાર બનાવી દે.

તારાથી હું જગમાં છું મારાથી છે તું જગમાં
બન્નેનાં મિલનમાંથી કંઈ સાર બનાવી દે.

જગ જૂનું ફગાવી દઉં જગ નૂતન બનાવી દઉં,
સંજોગ મને જો ના લાચાર બનાવી દે

એ માનવી કહેવાશે માનવતા છે શું એમાં
જે 'માનવી-સેવા'નો વેપાર બનાવી દે?

એ રસ્મો રિવાજોની છે ઢાલ પુરાણી થઈ,
ઊઠ તારી જવાનીને તલવાર બનાવી દે.

હિંસા ને અહિંસાની તકરાર નથી એમાં,
બસ તારી કલમને તું તલવાર બનાવી દે.

એની જ અડગતા છે, છે જીત અમીન' એની
જે આત્મની શ્રદ્ધાને ગિરનાર બનાવી દે.

દુનિયાજ કારાવાસ છે

દિલ પ્રયાસો તો કરે છે: તોય. વિપર્યાસ છે,
રોજ એ વિશ્વાસ મૂકે, રોજ નાસિપાસ છે.

એમની મારા ઉપર એ મહેરબાની ખાસ છે,
ત્રાસ તો આપી શકે છે એટલો સહવાસ છે.

એક કાચા તારને તાણી રહી છે જીંદગી,
જીંદગી પણ શું કરે, જે શ્વાસ છે, નિશ્વાસ છે.

કાવ્યનો છે શોખ ત્યારે આપને તો સાંભળો,
કાવ્ય સાંભળવા જરૂરી કાવ્યનો અભ્યાસ છે.

મારી મિલ્કત મારી પાસે છે છતાં કબ્જે નથી.
દિલનો હું ત્યાગી છું તો પણ કોઈનું એ દાસ છે.

પુણ્ય જો ઉપવાસ કરવામાં જ મળતું હોય તો.
રંકને છે પુણ્ય, બારમાસના ઉપવાસ છે.

મૃત્યુના આભારના ભારે દબાયેલી રહી,
જીંદગીનો, એટલે મૃત્યુ કરે ઉપહાસ છે.

આમ માની લઉં તો કારાવાસમાં પણ મુક્ત છું,
એમ માની લઉં તો ખુદ દુનિયાજ કારાવાસ છે.

ઉર્મિઓ આવી લખાવી જાય છે કાવ્યો 'અમીન'
બાકી અમને છે ખબર, શો આપનો અભ્યાસ છે!

યાદ રહેવા દે.

હૃદયનાં દર્દ તું મહેમાન છે ના કેમ સત્કારું !
ભલે આબાદ તું રહીને મને બરબાદ રહેવા દે.

મને ફુરસદ મળે છે ક્યાં પ્રભુને યાદ કરવાની,
કરે છે યાદ કરનારા મને અપવાદ રહેવા દે.

રહું છું હાલ, પણ જાણું છું એ યુગના પરિવર્તન.
મને પણ એ ન રહેવા દે ન મારી યાદ રહેવા દે.

અરે જ્યાં માનવી પણ પાશવી જેવો થતો ચાલ્યો,
કહો આપ જ કહો કે કોણ માનવવાદ રહેવા દે !

ભળે જેમાં બધા પક્ષો, મળે જેમાં બધા વાદો,
જરૂરત વાદની જો હોય એવો વાદ રહેવા દે.

અરે શું સુખ મળ્યું તમને. કહોને યાદમાં એની,
એ રહેવા દે તો શા માટે તમારી યાદ રહેવા દે?

મને એ શ્વાસ દેનારાના ધારો શ્વાસ લઉં છું પણ,
ફરી એ શ્વાસ લઈ લેનારની શું યાદ રહેવા દે!

કવિતાને છે બંધન પણ કવિને હોય ના બંધન,
'અમીન'. 'આઝાદ' છે, તેને અમીન આઝાદ રહેવા દે.

જખ્મો હસી રહ્યા છે.

જાણીને માનવીઓ જગમાં બની રહ્યા છે
નિર્મિત મરણની સામે જીવન ઘડી રહ્યા છે.

બુદ્ધિપ્રદેશ પર તો છે અવનવા ઘસારા,
કોઈ કંઈ વિચાર આવી પાછા ફરી રહ્યા છે.

દિલની થવાની દુર્ગત અંતની છે જુઓ હદ,
'આંખો રડી રહી છે જખ્મો હસી રહ્યા છે'

હા, દોષ તેમનો છે, શો દોષ દીપિકાનો?
જેઓ બની પતંગા મરવા બળી રહ્યા છે.

નિર્બળ ભલે છે આંખો, જખ્મોને દાદ આપો
આંખોને જોઈ રડતી જખ્મો હસી રહ્યા છે.

મારા ગરીબ દિલની જોતા જજો અમીરી,
ચુપ છે ને સેંકડો દિલ એને હસી રહ્યા છે.

મારી વિચાર–સરણી છે જાણે એક નિસરણી
જેની ઉપર વિચારો ઉતરી–ચઢી રહ્યા છે.

હું એમનો હમેશાં ગણું ખયાલ એવો
ને એ ખયાલથી પણ મારા ડરી રહ્યા છે.

જીવ્યા 'અમીન' જીવ્યા એવું જીવન, જવા દો,
લાખો તમારી માફક એમજ મરી રહ્યા છે.

મોત શીર્ષક હોય છે.

હોય છે શોધક, વિચારક, કે વિવેચક : હોય છે,
પણ બધામાં સત્સર્જક, યુગપ્રવર્તક હોય છે.

જેમાં દોષો હોય એવું કોઈ પુસ્તક હોય છે,
તો વિવેચક એનો, એનું શુદ્ધિપત્રક હોય છે.

સાર એનો શો હશે તે હું કહી શકતો નથી,
પણ 'જીવન'ના વાર્તાનું 'મોત' શીર્ષક હોય છે

પ્રેમમાં હે! જીભ, વચ્ચે બોલવાની શી જરૂર!
જ્યાં પરસ્પર આંખ દિલ સંદેશવાહક હોય છે!

મારી મિલ્કત, કલ્પનાઓ, ભાવનાઓ, ઊર્મિઓ,
મારી નિર્ધનતાનું ધન પણ [illegible] હોય છે.

પ્રાણ એના [illegible] ઊંચું છું [illegible] જુઓ,
જ્યારે મારી ઊર્મિઓ જન્મે છે, પાલક હોય છે

આખી દુનિયા એક સાગર છે નિરાશાનો 'અમીન'
બુદબુદા સમ આશ જેમાં કોઈ ક્ષુલ્લક હોય છે.

'ઝિંદગીમાં'

પલ્ટાય છે હૃદયના રંગો ઘડી ઘડીમાં
ગમમાં કદી ખુશી છે, છે ગમ કદી ખુશીમાં.

ના ચૈન છે ગમીમાં, ના ચૈન બેખુદીમાં,
ઝૂરે છે દિલ બિચારું, એ બેઉ લાગણીમાં.

દુનિયા ઉપર રહીને દુનિયાથી પરહરું છું,
થઈ જાઉં છું હું જ્યારે ગુમ મારી શાએરીમાં.

તસ્વીર આત્માની એમાં ન જોઈ શક્યો,
દેખાઉં શું બધે પણ "હું" ક્યાં એ આરસીમાં.

મૃત્યુની રાહ અમને જોવી પડી હમેશા,
ભગવાનની દયા છે બસ એટલી, ઝિંદગીમાં.

ધારો કે આશ્વાસન એમાં મને મળ્યું પણ,
છે પ્રશ્ન શું મળે છે ઈશ્વરને બંદગીમાં?

સૂરજના તેજને તો આજ્ઞા કરી શકે છે,
દેખાવે કંઈ નથી પણ છે કૈંક વાદળોમાં!

બંને શિકાર શોધે બંને શિકાર ખેલે,
શો ફેર છે અમારા હાકિમ ને પારધીમાં.

અમને 'અમીન' એમાં શું શું નથી મળ્યું, પણ.
માનવતા મુશ્કેલીએ મળવાની માનવીમાં.

આકાશના સિતારા

સામેજ છે નિરાશાની તોપના મુંઝારા
તુટી પડે ન જોજે આશા તણા મિનારા.

હું શોધતો હતો કે છે કોણ કોણ મારા
મળ્યા મને ઘણા પણ જોયા તો સૌ ઠગારા.

છોને તમે છો સારાં, છોને અમે નઠારા
કયાં છો તમે અમારા, તો કયાં અમે તમારા!

એ વાતમાં અનેરી છે કુદરતી સમાઇ,
અમને જીવાડનારા છે અમને મારનારા.

કંઇ એટલા બધા છે મારા હૃદયના દાગો,
સરખામણી કરે છે આકાશના સિતારા.

જૂના સમાજના છે સૌ થાંભલા સડેલા
જોજે ગળે પડે ના કંઇ આપણા સુધારા!

આજે 'અમીન'ને પણ ગજાને જોઇ લીધા,
'આઝાદ' છે પરંતુ છે કેદમાં બિચારા.

શિક્ષણ જોઈએ

એવું જીવન ના મને ક્ષણ જોઈએ
જેને માટે રોજ રક્ષણ જોઈએ.

પ્રેમમાં જો આંખથી અશ્રુ વહે
હાલવું એકે ન પાંપણ જોઈએ.

'દીન' ને 'દુનિયા'માં ઝોલા ખાઉં છું,
જોઈએ 'આ' પણ ને 'તે' પણ જોઈએ.

પાપ જગમાં કેટલાં તુજથી થયાં?
તું જો શિક્ષિત હોય તો ગણ, જોઈએ!

ડીગ્રીથી કંઈ નથી વળતું હવે,
કંઈ અનુભવનું યે શિક્ષણ જોઈએ.

તારા દિલમાં જોઈ લે તુજને **'અમીન'**
નિજને જોવા નિજનું દર્પણ જોઈએ,

મળે છે?

આસ્તિકતામાં જ્યારે નાસ્તિકતા ભળે છે,
કુદરતનો કોપ ખૂણે ખૂણે ફરી વળે છે.

સંજોગના પવનના સુસવાટા જો ફળે છે,
એક પળમાં દુ:ખના ડુંગર પણ હોય તો ટળે છે.

કુદરતને દોષ શાને? કિસ્મતને ગાળ શાને?
જે મર્દ હોય તેને જે જોઈએ મળે છે.

શું પ્રેમ, વાસનાને સમજી ગયા છે લોકો?
શાને જીગર જલે છે, શાને હૃદય બળે છે?

શું લેણું દેણું માનવનું જગ ને આભમાં છે?
એક અહીંથી નીકળે છે, એક ત્યાંથી નીકળે છે!

જન્મમાં તો અમને શાંતિ કે સ્વર્ગ કંઈ ન મળ્યું,
મર્યા પછીની વાતો પણ જોઈશું, મળે છે!

ચંદન ઘસે છે

મુજ કલ્પનાઓ જ્યાં જ્યાં ધસે છે
ત્યાં ત્યાં નવી એક સૃષ્ટિ વસે છે.

થાકીને જ્યારે બેસું છું, ત્યારે
મંઝિલના રાહો મુજ પર હસે છે.

આંખોની કીકી નાની છે તો પણ,
મારી નજરમાં દુનિયા વસે છે.

છે શ્વાન જેવા એવા ઘણાં, જે
ચુપચાપ કરડે, પણ ના ભસે છે.

એ પારધીને જઈને શું કહેવું ?
ખુદ પક્ષીઓ જ્યાં જઈને ફસે છે.

એનાં નયનમાં અશ્રુ છે એવાં,
—કે પાનખરમાં ફૂલો હસે છે.

મહેફિલમાં ખુશ્બુ પ્રસરી છે જાણે
મારી કવિતા ચંદન ઘસે છે.

જીવન 'અમીન' એ સંગ્રામ છે પણ,
લડતા નથી જે, આખા ખસે છે.

સુરાપાન જોઇને

જેને નમન કરૂં છું હું ઇન્સાન જોઇને
અકડે છે ખૂબ, પોતાને વિદ્વાન જોઇને.

મહેમાન જેને ધારતો, માલિક બની ગયા,
દિગમુઢ થયો હું પોતાને મહેમાન જોઇને.

રેખા બતાવી હાથની જોયા કરૂં છું હું.
નિર્બળ થયો નસીબને બળવાન જોઇને.

આપ્યો મને છે પ્રેમ, તો દીધું છે તમને રૂપ,
જે કાંઇ દે છે આપણો ભગવાન, જોઇને.

એને ઝુકી ઝુકીને સુરાહી કહે છે વાત,
ખાલી હસે છે મારૂં સુરાપાન જોઇને.

એવા વિચિત્ર મેળ ઉપર કેમ ના હસું ?
અરમાન મારા, આપના અરમાન જોઇને.

તેઓની સાથે ચાલે છે દુનિયા ફકત 'આમીન',
ચાલી રહ્યા છે તેઓ જમાન જોઇને.

પાપ જો

ગાન જો, આક્રંદ જો, આલાપ જો,
મારા પ્રેમી દિલનો ત્રિવિધ તાપ જો.

કાવ્યમાં ના હોય કાંઈ માપ જો,
નામ અપલાગણ એને આપજો.

આપના બદલામાં દિલ તૈયાર છું,
આપને જે આપવું હો, આપજો.

ના, મને સંતાપનું કંઈ દુઃખ નથી,
સુખ મળે જો આપને, સંતાપજો.

ચાર આંખોનું અધૂરું છે મિલન,
બે દિલોનો થાય ના મેળાપ જો.

ઉગ્ર થઈ બોલી ગયાં જે કંઈ છતાં,
એની આંખોમાં છે પશ્ચાતાપ, જો.

મારું અંતર જોવા દૃષ્ટિ જોઈએ,
આંખના 'અંતર'થી અંતર માપજો.

દિલના ઝખ્મો પર નમક છાંટીને એ,
એટલું કહેતા રહ્યા 'ચુપચાપ જો.'

એકલું વ્યક્તિત્વ જાણે ગૌણ છે
પક્ષની ના હોય એ પર છાપ જો !

પ્રેમી દિલનું દર્દ છે એમાં 'અર્માન'
જો ગમે તમને ગઝલ આલાપજો.

આવેશમાં

દેશ માગે માટે બીજા કઈ દે છે જીવન પરદેશમાં
ને અહીં ગભરાય છે દેશીથી દેશી દેશમાં.

એ જનારા જો અહીંની જાયના તો શું કરે,
લુંટવાનું કંઈ નથી બાકી રહ્યું, મુજ દેશમાં.

શેખજીનો દાખલો રાખો નજર સામે, જુઓ,
શી અસર બાકી રહી છે કોઈના ઉપદેશમાં.

હું તને જોયા કરું ને તું મને જોયા કરે
આંખો સમજી જાય છે આંખો તણા સંદેશમાં.

એક ઊર્મિલ વ્યક્તિ માફક હું બધું લખતો ગયો,
એટલે ભૂલો કરી નાંખી હશે આવેશમાં !

બેવફા દિલમાં, વફાની આશ શી રાખે **'અમીન'**
શોધવાથી કંઈ મળે પ્રકાશ કાળી મેશમાં ?

કરે કોઈ

ન્યાય કેવો જફા કરે કોઈ
ચુપ રહીને સહ્યા કરે કોઈ

દર્દ છે તો જ દિલનું જીવન છે,
દર્દની શું દવા કરે કોઈ.

છે ગુનાહોમાં પણ અજબ લજ્જત,
કેમ પાપો જતાં કરે કોઈ.

એવો કેવો હું જગ-મુસાફિર છું!
જેને બસ લૂંટ્યા કરે કોઈ.

દિલની હાલત તમે તો જાણો છો,
'શું હમેશાં કહ્યા કરે કોઈ.'

હદ નથી એના લોભની જગમાં,
માનવી પર દયા કરે કોઈ.

આખરી દમ સુધી રહું પીતો,
જામ પીવડાવ્યા કરે કોઈ.

દર્દ છે જ્યારે દિલનું મિત્ર, 'અમીન'
મિત્રને શું મના કરે કોઈ.

માનવી વંચાય નહીં

જ્ઞાન ફળ તેને ફળે છે કે જે ફૂલાય નહીં,
ફળથી ભરપૂર ક્યાં ડાળ ઝૂકી જાય નહીં!

મોત માટેજ ફક્ત વક્ફ જીવન થાય નહીં,
એમ જીવાય છે પણ એમ તો જીવાય નહીં!

કાવ્યમાં પ્રાણ ન હો તો કવિ પૂજાય નહીં,
રંગ પૂરાય નહીં, રક્ત જો સિંચાય નહીં.

શક્તિ એમાં હો'ત તો શું કવિ કહેવાય નહીં?
'ખાસ ગુજરાતીઓ' આપે જેને અભિપ્રાય, "નહીં!"

માફીનામા ભલે બળજબરીએ લખ્યાં હો, પણ,
કોઈ આઝાદ કવિ બંધને બંધાય નહીં.

વાંચવા માટે તો છે માનવી-પુસ્તક જેવા,
તે છતાં માનવી કે માનવી, વંચાય નહીં.

માનવી જીવે છે માનવતા મરી ગઈ એની
કેમ પાશવતો પશુતા પછી પોષાય નહીં.

પ્રેમનો પૂલ બને જો કે, પણ એ શી રીતે?
તાર દૃષ્ટિના અને દિલના જો સંધાય નહીં?

આશ ફળશે તો મઝા નષ્ટ થશે જીવનની,
જો નિરાશા છે અમર જોજો મરી જાય નહીં.

મુખ્ય બે કામનો સૂર એક ને સરખો ફાળો,
છે ગુન્હેગાર જો ગુજરાત ગઝલ ગાય નહીં.

રોગ રગ-રગમાં ગુલામીનો છે રોગી એવા,
રોગ જૂનો છે, ગુલામોને ગમી જાય નહીં!

છે સદાચારીઓ, છે ધર્મો, અને ઈશ્વર પણ,
તે છતાં કેમ જગત શાંતિ જળવાય નહીં?

એ જો છલકાશે તો ઢોળાશે સુરા જીવનની,
જામ જીવનનું ભરી રાખો છલકાય નહીં.

સંસાર નાટક છે.

મને એ પૂછવા દો માન્યું કે કુદરત નિયામક છે,
જગત પોષક હતો જે દેશ આજે કેમ યાચક છે?

કહો છો આપ દિલની વાત બેશક; પણ મને શક છે,
—કે એ શબ્દો રહ્યા મુખના, ને દિલ ક્યાં પારદર્શક છે?

બુઢાપો 'ઉત્તરાર્ધ' એનો અને 'પૂર્વાર્ધ' છે યૌવન,
જર્ણા 'પ્રસ્તાવના' છે બાળવય; જીવન કે પુસ્તક છે!

થતે ના મારું સર્જન તો જગતને ખોટ પડને શું!
થયું સર્જન તો એ શા કામનું! સર્જક વિસર્જક છે.

જવા દો આસ્તિકોના જૂથને હું ખૂબ જાણું છું,
અરે! એ નાસ્તિકો સારા કે કુદરતના ઉપાસક છે.

થયા વર્ષો કરી શક્યો ન ઘર એ કોઈના ઘરમાં,
કદી આકાશવાસી છે કદી એ વિશ્વવ્યાપક છે.

તમે જીવો તમારી જિંદગી, જીવું છું હું મારી,
તમે પણ પાત્ર, હું પણ પાત્ર છું, સંસાર નાટક છે.

પ્રણય–સાગરના તોફાનોને એ ખાળી નથી શકતા,
હૃદયનો દોષ શો એમાં, નયન વિશ્વાસ–ઘાતક છે.

પડી જો કોઈ પર આફત તો મેં મારી ગણી લીધી,
સમાયું વિશ્વ દિલમાં છે, કે દિલ ખુદ વિશ્વવ્યાપક છે?

જુદાં મંતવ્યો એના ને જુદા જીવનના સંજોગો,
'**અમીન આઝાદ**'ને ક્યાં આ જગત રહેવાને લાયક છે?

શબનમ નથી.

મુજ વિચારો મુજ વિચારો છે, ભલે ઉત્તમ નથી,
એમ તો કમ છું બધાંથી, આપથી કંઈ કમ નથી.

ભૂલ કરવાનો મળ્યો છે માનવીને વારસો,
આપણા માબાપ શું 'હવ્વા' અને 'આદમ' નથી ?

મારી દૃષ્ટિ રૂપને સત્કાર આપ્યે જાય છે,
એ બતાવે છે, કે મારા પ્રેમમાં સંયમ નથી.

એમ તો 'સંતો' 'મહંતો' ને 'શ્રીમંતો' છે ઘણાં,
પણ હવે 'હાતમ' નથી 'ગૌતમ' નથી 'વિક્રમ' નથી.

વિરહમાં રડતી રહી એના ભ્રમરના રાતભર,
છે કળીના અશ્રુઓ, શબનમ છે તે શબનમ નથી.

જન્મનારા જ્યારે જગમાંથી જનારા છે જરૂર,
જીંદગીનો ગમ નથી ગમ, મોતનો ગમ, ગમ નથી.

એ નિયમ છે સૃષ્ટિનો કે મોસમો બદલાય છે,
કેમ આ પરતંત્રતાની ગઈ હજી મોસમ નથી ?

અંતે, મા ધરતીનું લોહી પી ઉછર્યાં સાથ સાથ,
'ફૂલ' પણ મારી નજરમાં 'કંટકો'થી કમ નથી.

છું બધાનો મિત્ર દુશ્મનના ય દિલમાં સ્થાન છે,
કંટકોની પણ નજરમાં ફૂલથી હું કમ નથી.

જ્ઞાન–સાગરને કિનારે છું હજી બાળક **'અમીન'**
મારવાને તો મને તોફાન શું ચોગમ નથી ?

યાદ આવી

જમાનાની જ્યાં આપદા યાદ આવી,
મને ભૂલવા ગમ, સુરા યાદ આવી.

બુઢાપાના જોઈને ઠંડા નિસાસા,
જવાનીની મુજને હવા યાદ આવી

જનાઝો જતો કોઈનો જ્યારે જોયો,
તરત મુજને મારી કઝા યાદ આવી.

જવાની પછીના બુઢાપાને જોતાં,
એ માબાપની બદદુઆ યાદ આવી.

ગયો ભૂલથી ભૂલી હું, ક્યાં જવું છે;
મને કેમ ના લઈ જવા યાદ, આવી.

'**અમીન**' એમ કહેતો હતો 'હું અમર છું.'
મને આજ એની કઝા યાદ આવી.

બિછાવીને રહેશે

પ્રયાસો કરે તેજ ફાવીને રહેશે,
ફકત તેજ લણશે જે વાવીને રહેશે.

સપાટા ભલે પાનખરના છે ફાવ્યા,
વસંત આવી ઉપવન ખિલાવીને રહેશે.

વિજય થેલા હર્ષિત નથા ગર્વ ના કર,
નિયમ ગર્વનો છે હરાવીને રહેશે.

મળી ગઇ ખબર કોઇના આગમનની,
'નઝર જાળ' નયનો બિછાવીને રહેશે.

છવાયાં નિરાશાનાં છે વાદળાં પણ,
એ ક્યાં 'આશ સૂરજ' છુપાવીને રહેશે.

જગતમાં એ બંદો બન્યો છે ખુદાથી,
તો બંદો ખુદાને બનાવીને રહેશે !

ન રહેશો, છે જગમાં નિયમ આવજાનો,
ગયા આપ, તો અન્ય આવીને રહેશે.

અમારો ભલે પાળી પોષી રહ્યા હો,
ગરીબો ગુલામી ફગાવીને રહેશે.

'અમીન' આપનો એમ ખુદદાર છે પણ,
જરૂરત પડે, શિર ઝુકાવીને રહેશે.

દિલાસામાં

જીવનની મઝા આપી તો આપી નિરાશાએ,
જે ખોઉં છું આશામાં પામું છું નિરાશામાં.

એ રીતે તો ઉપયોગી છે એનો દિલાસો દિલ,
તું દર્દ વધારી તો આપે છે દિલાસામાં.

શિર પટકીને પાછી ગઈ એ લહરીઓ મોજાંની,
ના હૂંફ મળી જ્યારે બેદર્દ કિનારામાં.

જો પાપ ન કરતે હું શી પુણ્યની ગત હોત!
મેં પુણ્યને જાણ્યું છે પાપોના જમાનામાં

જીવનને સુધારું પણ સુધરે તો ખરું જીવન!
ભૂલો જ થતી ગઈ છે પ્રત્યેક સુધારામાં.

છું દર્દની દુનિયામાં 'મશહૂર' **'અમીન'** એવો,
જે દર્દ છે બીજાનું તે હોય છે મારામાં.

'ગઝલ' આવી

આશ મારી જરા ય જ્યાં ફાવી,
કાં નિરાશા તરત ધસી આવી ?

મૃત્યુ જાણે કે હદ છે જીવનની !
ઝિંદગી કોણે એવી સર્જાવી ?

થઇ જશે ઝિંદગીનું દુખ પૂરું,
ઝિંદગી યમને જઇ મળી આવી.

કલ્પના મારી ને કવન એનું
રૂપની ખ્યાતિ મેં જ ફેલાવી.

રહી ગયાં એ જતાં જતાં જ્યારે,
જાન જાણે જતાં જતાં આવી.

મનની આશા **અમીન**'ની ફળશે,
આવી ગુજરાતમાં "ગઝલ" આવી.

જવાનો હતો

'જવાની' સમય જે જવાનો હતો,
ફરી હાથ ક્યાં આવવાનો હતો?

હૃદયમાં ઉમંગો તરંગો હતાં.
મોહબ્બતનો એ એક જમાનો હતો.

બનાવી જમાનો મને શું કરે?
એ જાણે છે શું મુજ જમાનો હતો!

અસર રૂપની થઈ, થયો પ્રેમરોગ,
· થવાની હતી, તો થવાનો હતો.

હૃદય, * દર્દની સાથે ખમી ગયું,
એ ઉપકાર એની દવાનો હતો.

નજર ઝાંખી, તન ઢીલું, ને ધોળા વાળ,
સમય એ જવાની જવાનો હતો.

થવાનો હતો જેનો હું ના થયો,
થયો ના જે મારો થવાનો હતો.

જે ખ્યાતિ છે 'ઇકબાલ'ની એમાં ભેદ,
ખુદીનો હતો કે ખુદાનો હતો!?

થતો જાઉં છું જાણે મંઝિલથી દૂર,
હું ક્યાં જાઉં છું ક્યાં જવાનો હતો!

છે મૃત્યુ જ તારક જીવનનું **'અમીન'**
જીવન છોડી ક્યાં તું જવાનો હતો?

રહેવા દે

સહન કર્યું ઘણું દુઃખ, ના વધુ બીમાર રહેવા દે,
સુખી સંસાર તો પળવાર, પાલનહાર રહેવા દે.

જવાની ગઈ 'જવાની', તો હવે તકરાર રહેવા દે,
બળી રસ્સી રહ્યા રસ્સીના વળ દિલ્દાર રહેવા દે.

મોહબ્બતમાં રહે, તો એટલો વહેવાર રહેવા દે,
ભલે બાકીના તૂટે તાર, દિલના તાર રહેવા દે.

'વફા,' ને 'બેવફાઇ'ને એ મિત્રોની હું જાણું છું,
મને ના હો ખબર એમાં નથી કંઇ સાર, રહેવા દે.

કદી એ તેજ, ના માંગું, હરે જે તેજ આંખોનું,
રહ્યા, જોને અમારા પર રહ્યો, અંધકાર. રહેવા દે.

એ માનું છું, કે માનવ છું, વળી આભાર શો માનું!
હું એ ફિરતારને રાખું. મને ફિરતાર રહેવા દે.

ખુશીમાં તો હું ખુશ છું, પણ ગમીમાં પણ નથી નાખુશ,
ખુશી પર ક્યાં સુધી એનો મને ફિરતાર રહેવા દે.

અભિમાની છું એવા પણ રહે જે દૂર જે તુજથી,
'અમીન' આઝાદ છે તું, શી તને દરકાર? રહેવા દે!

થાય ના

જોઇ તમને આજ શું શું થાય ના,
કોણ હતભાગી છે જે ફૂલાય ના.

એવું તો ધાર્યા વિના રહેવાય ના,
લૂંટવા જે જાય છે, લૂંટાય ના ?

દિલને બદલે દિલ હું માંગું છું ફક્ત,
આપથી એથી વધુ લેવાય ના.

આપવાનું છે પછી આપીજ દો,
દિલ છે એ વસ્તુ કે જે સચવાય ના.

શું રડો છો લોકને દેખાડવા,
એમ પાપો શેખજી ! ધોવાય ના ! !

હા, જવાની આવી, ચાલી ગઈ છતાં,
કેમ આ ઘડપણ ગયું ના, જાય ના ?

કેવો પરદો ! તું મને જોયા કરે !
જોઉં જો હું, તો મને દેખાય ના !

નાખુદા પણ હોય, તેથી શું થયું ?
નાવ કંઈ તોફાનમાં સચવાય ના.

એ સમજવું છે ઘણું મુશ્કેલ 'અમીન'
જે સમજમાં આવે, પણ સમજાય ના.

માનવ જીવનની

ઝડી વરસાવો મારા પર દમનની,
નહીં શ્રદ્ધા ડગે મજબૂત મનની.

વતન મારૂં, છે એ તો અંગ જગનું,
વતન દુનિયા, બધી દુનિયા વતનની.

નિરાશા છે તો આશામાં મઝા છે,
નિરાશામાં જ છે આશા જીવનની.

અરે આ નગ્નતામાં જન્મનારા,
જરૂરત કેમ રાખે છે કફનની !

મરૂં છું તો પછી જન્મયો છું શાને,
સમસ્યા એજ છે મારા જીવનની.

'કલા ગમતી નથી 'ભાવિ પૂજક'ને
'પુરાતન કાળ'ની કે 'અદ્યતન'ની.

ભલે છું ઉન્નતીનો સ્વપ્નદૃષ્ટા
પકડ છોડે મને છે કયાં પતનની.

હકીકત છે, નથી એની હકીકત
હકીકત કેટલી માનવ—જીવનની !

પ્રણય બીમારે મીંચી આંખ અંતે,
બિચારાની ખૂટી ધીરજ નયનની.

'શું જાણે ?'

વિરહની રાત, ઉલ્કાપાત, તું અજાત શું જાણે ?
તને લાગી નથી દિલમાં તો દિલની વાત શું જાણે !

નિરંજનને નિરાકારી જીવન આઘાત શું જાણે,
મને લાગી છે જે દિલમાં જગતનો તાત શું જાણે !

જવાનીનો ફક્ત ઘડપણ છે પ્રત્યાઘાત શું જાણું !
જવાની પણ દિવાની છે એ પ્રત્યાઘાત શું જાણે !

જીવન સમજે તો એકએક શ્વાસ એનો પાઠ આપે છે.
ન જાણ્યું જીવતાં જેણે જીવનની વાત શું જાણે !

જીવનપુંજી તને તુજ પ્રેમીએ અર્પણ કરી દીધી
હૃદયથી કીમતી એ પ્રેમમાં સોગાત શું જાણે !

'અમીન' આઝાદ છે આ જગ કે પેલા જગની શી ચિંતા ?
ખુદીમાં મસ્ત છે, એ પારકી પંચાત શું જાણે ?

હાલ રાખું છું

જીવુ છું એવું જીવન એવો હાલ રાખું છું.
તમાચા મારી ને મુજ ગાલ લાલ રાખું છું.

ન કોઇ ચીજમાં કાંઇ કમાલ રાખું છું,
ન ઘર, કુટુંબ, ન મિત્રો ન માલ રાખું છું.

હું બાળપણમાં જવાનીની ચાલ ચાલીને,
જવાનીમાંજ ઘણાં ધોળા બાલ રાખું છું.

ખુદીમાં મસ્ત છું ડરવાનું કામ શું છે મને
જીવન મરણનો કદી કયાં સવાલ રાખું છું.

ઘણી છે ફિક્ર ઘણો ગમ છે તે છતાંય 'અમીન'
રૂદનમાં હાસ્યનો હરદમ ખયાલ રાખું છું.

હૃદયની સિતારને

ના છેડો મારી, તુટેલા દિલની સિતારને
ના પાનખરમાં યાદ કરાવો બહારને.

સમજી હું મારો આસરો સપડાયો જાળમાં,
શું જાણું શોધતું હતું કોઈ શિકારને !

જીવન પછી મરણ અને શું છે મરણ પછી,
હું કાંઈ પણ સમજ્યો ન જીવનના સારને.

રંગે છે જાત જાતના રંગે મને જગત
હું છું કે છોડતો નથી મારા ચિતારને.

બાંગોથી ના તો ઘંટના નાદોથી કંઇ થયું,
વશ થઇને હું તો જાગ્યો છું દિલની પુકારને.

ખોવાયેલા એ મિત્રોની આવે છે દિલમાં યાદ
ગુંથી રહ્યો છું જાણે હું ફૂલોના હારને.

શું યાદ શક્તિ એટલી મારી વધી 'અમીન' !
ભૂલી ગયો હું આખરે પરવરદિગારને !

કદી ન જો

'દિલ પ્રેમમાં ફના કરી પાછું ફરી કદી ન જો,
ન્યોચ્છાવર થઇને કોઇ પર જે ગઈ તે જીંદગી ન જો.'

તારી ખુશી જો તું જુએ, જગની પસંદગી ન જો.
દિલની ખુશીમાં મસ્ત રે' બીજાની નાખુશી ન જો.

જો રૂપને જુએ તો તું દૃષ્ટિ કળાની રાખજે,
બદનામ 'પ્રેમ' થઈ પડે એ આંખથી કદી ન જો

શું થાય, જોઉં તો ખરો મર્યા પછી એ જોઈ લઇશ;
જોતો નથી કદી મને તો જા ખુદા કદી ન જો.

ના ધર્મની કિતાબ જો, ના પાપ જો કે ના સવાબ
જીવનને લાજવાબ જો, યૌવન શરાબ પી, ન જો.

આંખો જુદી, હૃદય જુદાં, જીભે જુદું બતાવશે,
એ તારા દોસ્તોમાં તુ હંમેશ દોસ્તી ન જો.

આઝાદ થઇને ફર **'અમીન'** પર્વા ન કર સમાજની,
એ ના જુએ તને તો તું એને જીવન સુધી ન જો

'શું કરું !'

છેજ જાહેર મુજ વિચારો શું કરું !
ને તમે સમજો નઠારો શું કરું !

ઊંઘમાં શું ? જાગૃતિમાં પણ મને;
સ્વપ્ન આવે છે હજારો શું કરું !

એક બાજુ, એ છે દુનિયા છે બધી,
એકલો ત્યાં હું બિચારો શું કરું !

મારું જ્યાં આકાશ પોતાનું નથી,
મારો ચમકાવી સિતારો શું કરું !

દિલની હાલતને તમે જાણો તો છો,
એ વિષે તમને ઇશારો શું કરું !

એમ તો ક્યાં કોઇનો હું થાઉં છું,
થઇ ગયો તો પણ તમારો શું કરું !

એ ખરું, કે આખી દુનિયા છે બુરી;
એક જો હું હોઉં સારો, શું કરું !

છે જીવનમાં સેંકડો ભૂલો **'અમીન'**
એકબેમાં હું સુધારો શું કરું !

ડરી ગયો

હું દોસ્તોનો એજ ઘડી ગમ કરી ગયો,
ચાલે છે દમ ને સમજી, ગયા, હું મરી ગયો.

હું કેફમાં જવાનીના શું શું કરી ગયો!
જીવન અને મરણની રમતમાં મરી ગયો.

લ્યો લાશ જોઈ લ્યો તમે એ માનદારની,
એકજ કફન છે લઈ ગયો કયાં જે ભરી ગયો.

વ્હેલો બુઢાપો આવશે નો'તી એ ધારણા,
કમબખ્ત મારી મીઠી જવાની હરી ગયો!

મુજ દેશમાંથી એ કવિ 'ઈકબાલ' શું ગયા
સાહિત્ય—આભમાનો સિતારો ખરી ગયો!!

મિત્રો ઘણાં છે થોડા વિરોધી થયા તો શું!
થોડાક એવા મિત્રોથી શાને ડરી ગયો!

શું બાળપણથી પ્રેમનો રોગી હતો 'અમીન'?
એની જવાની જાય તે પ્હેલાં મરી ગયો!

'ખાકના અંબાર પર'

જીવતાં હાલત ન પૂછી આવી એના દ્વાર પર,
'ફૂલડાં શાને ચઢાવો છો હવે મરનાર પર'

આફતો સો સો ઘડી છે એક દિલ લેનાર પર,
ક્રોધ આવી જાય છે એ દિલના સર્જનહાર પર.

કેમ હું ધારૂં નિરાશાને કે એ આશા થશે !
છે : ઘણા હારી ગયેલા, ખેલનારા પ્યાર પર'

ઝિંદગી ટૂંકી, ને સામાજીક બંધન સેંકડો,
શું કહું કે થાય છે શું શું મને સંસાર પર.

ખાકમાંથી જન્મ લઈ માનવ મળ્યો છે ખાકમાં,
'ફૂલડાં શાને ચઢાવો ખાકના અંબાર પર !

શ્વાસે શ્વાસે દર્દની ગમીમાં હું એકતાન છું,
છે અનોખું રોજનું સંગીત જીવનતાર પર.

અલ્પ જીવનમાંય એના પાઠ દઈ ગઈ વીજળી
પળને માટે મેળવી ગઈ એ વિજય અંધકાર પર.

આપના જીવનના રંગો પણ અનોખા છે **'અમીન'**
આજ મસ્જિદમાં તો કાલે છો સુરાલય દ્વાર પર.

સબરસ નથી

એમ દિલ–ધામાં જરાયે રસ નથી,
એમના શબ્દોનું જો સબરસ નથી.

મારા સંજોગોને ટીકાકાર જન,
શ્વાસ લઉં છું એય કમ સાહસ નથી.

એટલે મૃત્યુને પડકારું છું હું,
કેમકે કંઈ જિંદગીમાં રસ નથી.

મારી માનવતા બધાંને ચાહવું,
પ્રેમી છું પણ સંકુચિત માનસ નથી.

માનવી સંજોગનું ઘડતર ફક્ત,
કોઈનું એમાં કંઈ સાહસ નથી.

રોજના 'મૃત્યુ–રમત' તો ના ગમે,
જિંદગી છે, જિંદગી, ફારસ નથી !

માનવીનો સ્વાર્થ ને સંગ્રહ જુઓ
જીવવું છે જ્યાં સુધી વારસ નથી.

કેટલાં વર્ષો નિરાશાનાં 'અમીન'
એટલું શું જીવવાનું બસ નથી !

હલાલ નથી

નથી એ વિશ્વનો ઉત્કર્ષ આજકાલ નથી,
કે માનવીની નઝર ને હૃદય વિશાલ નથી.

સુકાની સેંકડો છે એક નાવના જ્યારે,
કહો તમેજ, શું એ તંત્ર પાયમાલ નથી.

નથી જો એમાં જવાનીનાં રંગ ને ગર્મી
ભલે છે લોહી પણ એ સોહ્ડી ખાસ લાલ નથી

હરામ ગણીએ તો અપમાન એના સર્જકનું
કદી ન કહીએ કે અમને જગત હલાલ નથી.

દિલાસો દઈ ને એ દુખમાં ફરીથી દુખ દે છે
નથી મગજમાં સમાતી જગતની ચાલ નથી.

કહો દલીલને ખાતર સવાલનો છે જવાબ
જવાબમાંથી નીકળવાનો શું સવાલ નથી.

ભરી ભરીને હું પોતે પીઉં છું રૂપનો રસ,
શરાબ માટે જરૂરી મને કલાલ નથી.

મરે છે ત્યારે કવિની કદર થવા લાગે
એ કેમ જીવી ગયો એનો કંઇ સવાલ નથી,

હરામ શું છે અને શું હલાલ, રહેવા દો,
ગુલામ દેશમાં ખુદ ઝિંદગી હલાલ નથી.

સહન કરેલ તમાચા સમાજના છે 'અમીન'
અમારા ગાલ ફક્ત કુદરતીજ લાલ નથી.

ભરી ને પી

જામ પર જામ તું ભરીને પી,
ઝિંદગી ઝિંદગી કરી ને પી.

જીવવા કાજ છે જીવનની શરાબ,
જીવવા પી, મરી મરી ને પી.

જો નશો ના ચઢે, ઉભો થઇ જા
જામની ચારેગમ ફરી ને પી.

હું તો જે કંઇ છું તે જાહેર છું,
તું જો ચાહે ડરી ડરી ને પી.

મોઠું જીવન બનાવવા જગમાં,
ઘૂંટ કડવા ભરી ભરી ને પી.

ખોટી વાતો ભલે કરે ખોટી,
ખરી વાતોને કર ખરી ને પી.

હા, રડીને ગુનાહ માફ કરાવ,
જામ 'કૈસર'નું કરગરી ને પી.

કોઇના પ્રેમની શરાબ 'અમીન'
દિલમાં ભર ને ભરી ભરી ને પી.

ચમકે તે વીજળી નહીં

સાચું કહું તો રીત એ કહેવાય ન્યાયની નહીં,
તારી ખુશી ખુશી, અને મારી ખુશી ખુશી નહીં !

જો આજ મારી ઝિંદગી છે બીજું નામ મોતનું;
'જેને જગત મરણ કહે એ કેમ ઝિંદગી નહીં ?'

એવું બન્યું છે આપણું, કહેવાય એમ આપણું,
દુનિયા છે જો કે આપણી, તો પણ એ આપણી નહીં.

મારી તો વાત ઠીક, પણ હાલતને દિલની જોઇને,
અશ્રુનો જોશ એ હતો, આંખો રડી શકી નહીં.

આમાં ન 'પાણી' હોય તો, એમાં ન 'આગ' હોય તો,
ગર્જે ન વાદળાં નહીં, ચમકે તે વીજળી નહીં.

હું છું કવિ, જુદી જુદી દૃષ્ટિએ ના જુઓ મને,
કોઇની આરસી બનું, કોઇની આરસી નહીં.

મારા વિવેચકોને હું વશ તો કરી શકું છું, પણ
કહેનાર કોઇ તો રહે, 'તારી કૃતિ ગમી નહીં !'

કાવ્યત્વ છંદબદ્ધતા, ને ગેયતા ન હોય તો,
એ પદ્યને 'અઝીઝ' હું માનું જ શાએરી નહીં.

વસાહત કેવી

રોજ દે છે હવે દિલ, દર્દને દાવત કેવી!
'રંગ લાવીને રહી મારી મોહબ્બત કેવી'?

એમાં બંનેનો સમન્વય છે, જો દિલ હો સાચું,
પ્રેમ કરનારને રાહત કે મુસીબત કેવી!

સ્પષ્ટ વકતા છું જે હૈયે છે તે હોઠે મારા,
વાત જાહેર વળી કેવી! અને અંગત કેવી!

ધરતી ભરચક તો થતી જાય છે માનવથી છતાં,
થઈ ગઈ પ્રેમથી ખાલી એ વસાહત કેવી!

દુશ્મની દોસ્તીમાં એમની બદલી અંતે,
જે અસંગત હતી, મેં કીધી સુસંગત કેવી!

કાં અમારીજ ખબર રાખો છો; પૂછો છો 'અમીન'
એ તો સંભળાવો તમારી છે તબીઅત કેવી?

યાચના

તુજ કને એજ એ ખુદા માંગું,
કોમના દર્દની દવા માંગું.

પણ છે હાથે ગુલામીનાં બંધન,
શર્મ આવે છે, શું દુઆ માંગું ?

રહી બીમાર જીવવા કરતાં,
એજ સારૂં છે મુજ કઝા માંગું.

જે તરફ હોય કાંઇ તોફાનો,
એથી ઉલ્ટીજ હું હવા માંગું.

જાઉં જ્યાં, છે કુસંપ ને ઝઘડા,
જાઉં પણ ક્યાં જો હું જવા માંગું.

તુજ દયાથી મને ઉગારી લે.
મુજ ગુનાહોની એ સઝા માંગું.

થાય છે કંઇક થઇ જવાનું મન,
થાઉં પણ શું જો હું થવા માંગું.

મોત સુધી જે શીખવાનું **'અમીન'**
હું નવું રોજ શીખવા માંગું.

દયા હોય ના

જેમાં રૂદન હોય એ મારી કથા હોય ના,
જેને બુઢાપો હરે, મારી યુવા હોય ના.

જેની દવા હોય એ દર્દ વળી દર્દ શું !
દર્દ એ કહેવાય છે જેની દવા હોય ના.

દર્દ છે તારું જુદું, દર્દ છે મારું જુદું
તારી દવા હોય તે મારી દવા હોય ના.

એમ એ સર્વત્ર છે એજ વિચારું છું પણ
આવે સમજમાં નહીં એવો ખુદા હોય ના.

મારી ખુશી ઓર છે, મારો ખુદા ઓર છે,
તારો ખુદા હોય તે મારો ખુદા હોય ના

છુંજ ગુન્હેગાર હે જન્મના દેનાર, પણ
તારી ખતાની કસમ મારી ખતા હોય ના

કેમ એ જીવન, જીવન હોય કલાકારનું,
જેની જીવનસહચરી, નીજની કલા હોય ના

છે જ 'અમીન' આપનો એને સુરો તો સુરો !
જ્યાં એ સુરો હોય ના, સારી સભા હોય ના.

સાંપડી છે

મને એ પ્રેમસુરા સાંપડી છે,
—કે જે પીવડાવવી પરને પડી છે.

જીવનની એ જડીબુટ્ટી જડી છે,
નિરાશાને અમર કરવી પડી છે.

ખબર રાખે તો કોઈ ક્યાંથી રાખે,
'બધાને પોતપોતાની પડી છે.'

નથી જ્યાં એકતા સ્વરાજ્ય કેવું?
ઇમારત આશાની તૂટી પડી છે.

'અમીન,' આઝાદ છું બંધાઈને પણ,
ફૂલો છૂટી જવાની સાંપડી છે.

કોઈપણ ભાવે, નહીં

સંકુચિત મન જ્યાંસુધી શંકાઓ સળગાવે નહીં
ત્યાંસુધી કંઈ કલેજે જીવવું ફાવે નહીં,
માનવીઓ જ્યાં સુધી માનવતા અપનાવે નહીં,
ત્યાંસુધી જગ, શાંતિ લાવે નહીં, આવે નહીં.

એટ આપુ હિમની, પણ જો આપને ભાવે નહીં,
ના, નહીં વેચી શકું એ, કોઈ પણ ભાવે, નહીં.
કાવ્યને પોષી રહ્યો છું હું હૃદયના રક્તથી,
નીર સમજી લેજો એને રંગ જો લાવે નહીં.

ધીરે-ધીરે ચાલનારાની જ એમાં જીત છે,
દોડનારા 'જીંદગીની દોડમાં' ફાવે નહીં.
હિંદને સાહિત્યકારોની જરૂરત છે છતાં,
ભૂખ્યા રહીને કોઈ, સાહિત્ય સર્જાવે નહીં.

એ ન આવ્યા શ્વાસ ચાલ્યા જાય છે બીમારના,
એમને કહેજો હવે તકલીફ ફરમાવે નહીં.
એમ આશા જો ફળે તો પણ ન લજ્જત ના મિઠાશ,
જ્યાં સુધી મારી નિરાશા એને બહેલાવે નહીં.

પ્રેરણા હદ તો બધી હદથી વધીને છે 'અમીન'
શું કરે કોઈ કવિ જો પ્રેરણા આવે નહીં,
મારી માનવતા મને પક્ષોથી પર રાખે 'અમીન'
કોઈ પક્ષે કોઈ મારું નામ નોંધાવે નહીં.

'હુસૈન ઝિંદાબાદ !'

એ હુસૈન ઝિંદાબાદ, એ હુસૈન ઝિંદાબાદ,
અર્શ કાજ ફર્જ જેહાદ,
ધર્મ તારો માનવવાદ,
દાબી દીધો એ ફસાદ,
                કરબલાથી ઉઠ્યો સાદ...
                એ હુસૈન ઝિંદાબાદ...
                                એ હુસૈન ઝિંદાબાદ.

            વાહ એ ગંભીરતા,
            લાવી રંગ વીરતા,
            જીતી ગઈ એ સ્થીરતા,
            ધન્ય તારી ધીરતા,
                આજ પણ છે તારી યાદ...
                એ હુસૈન ઝિંદાબાદ...
                                એ હુસૈન ઝિંદાબાદ.

હુસ્નનો ઉજાસ તું,
ઇશ્કનો વિકાસ તું,
એકનો નિવાસ તું,
દીનની સુવાસ તું,
                દુશ્મનોય દે છે દાદ...
                એ હુસૈન ઝિંદાબાદ...
                                એ હુસૈન ઝિંદાબાદ.

ધન્ય ધન્ય તારી શાન,
ધન્ય ટેક ને સ્વમાન,
ના નમ્યું નીચું નિશાન,
આપી દીધા બલિદાન,
ને ફળી તારી મુરાદ...
એ હુસૈન ઝિંદાબાદ...
એ હુસૈન ઝિંદાબાદ.

તારી આહુતિ અમર,
બાળકોય વીર નર,
ખેલ ખેલી જાન પર,
નામ કર્યાં દિવ્યતર,
તારી થઇ સફળ જેહાદ...
એ હુસૈન ઝિંદાબાદ...
એ હુસૈન ઝિંદાબાદ.

કલ્પના ગમન કહે,
મન અને મનન કહે.
ને કવિ કવન કહે
એજ છે વતન કહે,
જોઇએ હુસૈન વાદ...
એ હુસૈન ઝિંદાબાદ...
એ હુસૈન ઝિંદાબાદ.

★